RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 203 Dt. 15-11-2024 Page : 08 Price : Rs 3

**Editor :** PRATIPALSINH NARENDRASINH JADEJA, **Publisher, Printer & Owner :** YASHPALSINH JAYCHANDRASINH JADEJA
**Place of Publication :** 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT






હત્યા, ખંડણી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ફાઇનાન્સિંગ સહિતના ૫૦ થી વધુ કેસોમાં ઘોષિત ગુનેગાર

# ખાલિસ્તાની અર્શ દલ્લાના પ્રત્યાર્પણની માંગ કરતું ભારત

## ભારતે જુલાઇ ૨૦૨૩માં તેની ધરપકડની વિનંતી સાથે કેનેડા સરકારને અર્શ દલ્લા વિશેની તમામ માહિતી પૂરી પાડી હતી

નવીદિલ્હી, તા. ૧૪
કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી અર્શ સિંહ ગિલ ઉર્ફે અર્શ દલ્લાની ધરપકડ બાદ ભારત હવે તેના પ્રત્યાર્પણની પ્રક્રિયાને વધુ તીવ્ર બનાવવામાં વ્યસ્ત છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતે જુલાઇ ૨૦૨૩માં તેની ધરપકડની વિનંતી સાથે કેનેડા સરકારને અર્શ દલ્લા વિશેની તમામ માહિતી પૂરી પાડી હતી. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે હવે તેને ભારતની વિનંતી પર પ્રત્યાર્પણ અથવા દેશનિકાલ કરવામાં આવશે. આ મામલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે, અમે ૧૦ નવેમ્બરે મીડિયામાં ખાલિસ્તાન ટાઈગર ફોર્સના ચીફ અર્શ દલ્લાની કેનેડામાં ધરપકડના સમાચાર જોયા. અમને જાણવા મળ્યું છે કે કેસ ઑન્ટેરિયો કોર્ટમાં સુનાવણી માટે સૂચિબદ્ધ છે. ધરપકડને ધ્યાનમાં રાખીને, અમારી એજન્સીઓ પ્રત્યાર્પણની વિનંતી પર આગળ વધી રહી છે. કેનેડિયન પ્રિન્ટ અને વિઝ્યુઅલ મીડિયાએ ધરપકડ અંગે વ્યાપક અહેવાલ આપ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું. જુલાઈ ૨૦૨૩ માં, ભારત સરકારે કેનેડા સરકારને તેની ધરપકડ માટે વિનંતી કરી. જો કે, આ નામંજૂર કરવામાં આવ્યું હતું. ભારતે મ્યુચ્યુઅલ લીગલ આસિસ્ટન્સ ટ્રીટી (ખકઅઝ) હેઠળ કેનેડાને ડલ્લાના શંકાસ્પદ રહેણાંક સરનામા, ભારતમાં તેના નાણાકીય વ્યવહારો, જંગમ/અચલ મિલકતો, મોબાઈલ નંબર વગેરેની વિગતો ચકાસવા માટે એક અલગ વિનંતી પણ મોકલી હતી.

અર્શ દલ્લા હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ફાઇનાન્સિંગ સહિતના ૫૦ થી વધુ કેસોમાં ઘોષિત ગુનેગાર છે. મે ૨૦૨૨માં તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. તેને ૨૦૨૩ માં ભારતમાં વ્યક્તિગત આતંકવાદી તરીકે નિયુક્ત કરવામાં આવ્યો હતો. જુલાઈ ૨૦૨૩ માં, ભારત સરકારે કેનેડા સરકારને તેની કામચલાઉ ધરપકડ માટે વિનંતી કરી. ત્યારપછીના મહિનાઓમાં, ભારતે કેનેડિયન સત્તાવાળાઓને વધારાની માહિતી પૂરી પાડી હતી, જેમાં ડલ્લાના શંકાસ્પદ રહેઠાણ, નાણાકીય વ્યવહારો, મિલકતો અને મોબાઈલ નંબરની વિગતોનો સમાવેશ થાય છે. ડિસેમ્બર ૨૦૨૩માં, કેનેડિયન ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ભારત પાસેથી વધુ માહિતી માંગી હતી, જેનો માર્ચ ૨૦૨૪માં જવાબ આપવામાં આવ્યો હતો. તેની તાજેતરની ધરપકડ સાથે, ભારતીય એજન્સીઓને આશા છે કે કેનેડા ''ભારતમાં ન્યાયનો સામનો કરવા'' ડલ્લાના પ્રત્યાર્પણની પ્રક્રિયામાં સહયોગ કરશે.

ડલ્લાએ કથિત રીતે સોશિયલ મીડિયાનો ઉપયોગ પંજાબ અને હરિયાણામાં યુવાનોની ભરતી કરવા માટે તેના આતંકી ઓપરેશનને સમર્થન આપવા માટે કર્યો હતો. ભારતમાં અનેક હિંસક ગુનાઓ કરવાના આરોપી ડાલાને ઑન્ટારિયોમાં ૨૭-૨૮ ઑક્ટોબરના રોજ હોલ્ટન પ્રાદેશિક પોલીસ સેવા દ્વારા શૂટઆઉટ પછી અટકાયતમાં લેવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલય (ખઊઅ) એ ગુરુવારે એક નિવેદન જારી કરીને કેનેડામાં તેની ધરપકડનો સ્વીકાર કર્યો હતો અને પુષ્ટિ કરી હતી કે તે ભારતમાં તેના પર કેસ ચલાવવામાં આવે તેની ખાતરી કરવા માટે ભારતની પૂર્વ પ્રત્યાર્પણ વિનંતીનું પાલન કરશે. કેનેડાએ અગાઉ જુલાઈ ૨૦૨૩ માં ડલ્લાની કામચલાઉ ધરપકડ માટેની ભારતની વિનંતીને નકારી કાઢી હતી, તેમ છતાં ભારતીય એજન્સીઓ દ્વારા પ્રદાન કરવામાં આવેલ તેની ગુનાહિત પ્રવૃત્તિઓ અને આતંકવાદી સંબંધોના વ્યાપક દસ્તાવેજો હોવા છતાં.

### અર્શ દલ્લા ૫૦ થી વધુ કેસોમાં ઘોષિત ગુનેગાર

આશા વ્યક્ત કરી હતી કે ભારતમાં અર્શ દલ્લાના ગુનાહિત રેકોર્ડ અને કેનેડામાં સમાન ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં તેની સંડોવણીને જોતા તેને ભારતને સોંપવામાં આવશે. રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, દલ્લા હત્યા, હત્યાનો પ્રયાસ, ખંડણી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે નાણાં પૂરા પાડવા સહિતના ૫૦ થી વધુ કેસોમાં ઘોષિત ગુનેગાર છે. મે ૨૦૨૨માં તેની સામે રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી.

સરકારે ધોરણ ૫ સુધીની શાળાઓ બંધ કરવાનો નિર્ણય લીધો
શાળાઓ તમામ બાળકો માટે ઑનલાઇન વર્ગો શરૂ કરવા વિચારણા

# દિલ્હીમાં પ્રદૂષણ બેકાબુ

નવીદિલ્હી, તા. ૧૪
દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આવી સ્થિતિમાં નાના બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે ધોરણ ૫ સુધીની શાળાઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આગામી આદેશ સુધી શાળાઓ બંધ રહેશે. બાળકો માટે ઓનલાઈન વર્ગો લેવામાં આવશે. તે જ સમયે, વધતા પ્રદૂષણને કારણે, શાળાઓ તમામ બાળકો માટે ઑનલાઇન વર્ગો શરૂ કરવાનું વિચારી રહી છે, જેથી બાળકોના શિક્ષણને નુકસાન ન થાય અને અભ્યાસક્રમ પૂર્ણ થઈ શકે. ગત વર્ષે પણ પ્રદૂષણ ખતરનાક શ્રેણીમાં પહોંચી જતાં શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. શાળાઓએ પહેલાથી જ તમામ પ્રકારની આઉટડોર પ્રવૃત્તિઓ બંધ કરી દીધી હતી. વર્ગખંડોમાં પ્રાર્થના થઈ રહી છે અને રમતગમતની પ્રવૃત્તિઓ પણ બંધ છે. દિવાળી પહેલા જ શાળાઓએ બાળકો અને વાલીઓને માસ્ક પહેરીને આવવાની સલાહ આપી છે.

દિલ્હી અને એનસીઆર આ દિવસોમાં વાયુ પ્રદૂષણનો સામનો કરી રહ્યા છે. હવામાં વધતા પ્રદૂષકો શ્વાસ દ્વારા શરીરમાં પહોંચીને અનેક રોગોનું જોખમ વધારી શકે છે. વાયુ પ્રદૂષણના સંપર્કમાં રહેવાથી શ્વાસ સંબંધી સમસ્યાઓનો ખતરો તો વધે જ છે પરંતુ તેનાથી હૃદયરોગ, ફેફસાના ચેપ સહિત અન્ય ઘણી સમસ્યાઓ પણ વધી શકે છે. પ્રદૂષણને કારણે, સૌથી સામાન્ય સમસ્યાઓ છે પ્રારંભિક તબક્કામાં આંખોમાં બળતરા, લાલાશ અને ખંજવાળ.

નિષ્ણાતો કહે છે કે ઘરની બહાર નીકળતી વખતે તમારે પ્રદૂષણનું સ્તર તપાસવું જોઈએ. વાયુ પ્રદૂષણ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે. આના કારણે, શ્વસન, કાર્ડિયોવેસ્ક્યુલર અને સેરેબ્રોવેસ્ક્યુલર સિસ્ટમ્સ સંબંધિત ઘણી સમસ્યાઓનું જોખમ રહેલું છે. એટલું જ નહીં, વાયુ પ્રદૂષણના લાંબા સમય સુધી સંપર્કમાં રહેવાથી ક્રોનિક રોગો અને મૃત્યુ પણ થઈ શકે છે. તેની પ્રતિકૂળ અસરો ખાસ કરીને બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને વૃદ્ધો જેવા સંવેદનશીલ વય જૂથોમાં જોવા મળે છે. આવા લોકોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે.

### દિલ્હીમાં વધતું પ્રદૂષણ ખૂબ જ ચિંતાનો વિષય છે

દિલ્હી ગઈછમાં પ્રદૂષણ ખતરનાક સ્તરને પાર કરી ગયું છે. ઘણી જગ્યાએ અચઈ ૪૦૦ થી વધુ છે. દેશની રાજધાની દિલ્હીની આસપાસના વિસ્તારો પણ પ્રદૂષણથી પ્રભાવિત થયા છે. આવી સ્થિતિમાં લોકો માટે શ્વાસ લેવો મુશ્કેલ બની ગયો છે, તેથી જ દિલ્હી સરકારે પ્રાથમિક શાળાઓમાં ઓનલાઈન કલાસ ચલાવવાનો નિર્ણય લીધો છે.

## કોંગ્રેસ-સાથી પક્ષો બોલી રહ્યા છે

# પાકિસ્તાનની ભાષા : મોદી

### સંભાજીનગરમાં વડાપ્રધાને સંબોધિ વિશાળ રેલી કહ્યું, જાતિના ભાગલા કરવામાં કોંગ્રેસ કસર છોડતી નથી

મુંબઇ, તા. ૧૪
પીએમ મોદીએ સંભાજીનગરમાં રેલી દરમિયાન ફરી એકવાર કોંગ્રેસ અને ભારત ગઠબંધન પર દેશના ભાગલા પાડવાનો આરોપ લગાવ્યો. વડાપ્રધાને કહ્યું કે કોંગ્રેસ અને ભારત ગઠબંધન કાશ્મીરમાં કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરવા માંગે છે. તેઓ કાશ્મીરમાં અલગ બંધારણ લાગુ કરવા માંગે છે. કોંગ્રેસ અને તેના સાથી પક્ષો પાકિસ્તાનની ભાષા બોલી રહ્યા છે. તેમણે કહ્યું કે અહીંની ચૂંટણી દેશભક્ત સંભાજી મહારાજના અનુયાયીઓ અને ઔરંગઝેબના વખાણ કરનારાઓ પર નિર્ભર છે.

પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસે એક ઠરાવ પસાર કર્યો છે કે તે કાશ્મીરમાં કલમ ૩૭૦ પુનઃસ્થાપિત કરશે. પીએમએ કહ્યું કે જ્યારે ભાજપે કાશ્મીરને કલમ ૩૭૦થી મુક્ત કરાવ્યું ત્યારે કોંગ્રેસે સંસદ અને કોર્ટમાં તેનો વિરોધ કર્યો હતો. હવે તે તેને ફરીથી પુનઃસ્થાપિત કરવા



માંગે છે. પરંતુ તે ઈચ્છે છે કે કાશ્મીર સરકાર સંપૂર્ણપણે બાબા સાહેબ ભીમરાવ આંબેડકરના બંધારણ પ્રમાણે ચાલે. પીએમ મોદીએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો કે કોંગ્રેસ જાતિ આધારિત અનામતનો વિરોધ કરે છે. તે ઈચ્છે છે કે એસસી, એસટી અને ઓબીસી લોકોને નાની જાતિમાં વહેંચવામાં આવે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ કહે છે કે અનામત દેશ વિરુદ્ધ છે. તેઓ હજુ પણ સ્વીકારી શકતા નથી કે એક ઘઈઈ દસ વર્ષથી દેશના વડાપ્રધાન છે.

મહાવિકાસ આઘાડીની સરકાર સત્તામાં આવતાની સાથે જ છત્રપતિ સંભાજીનગરના પાણીના પ્રોજેક્ટને અઢી વર્ષથી અટકાવવાનો આરોપ લગાવતા મોદીએ જનતાને પૂછ્યું કે શું તેઓને એવી સરકાર જોઈએ છે જે મહારાષ્ટ્રમાં પાણી અને દુષ્કાળની સમસ્યામાંથી છુટકારો મેળવવાના પ્રયાસો કરે. , અથવા જાહેર હિતની યોજનાઓ મુલતવી રાખવી? કહ્યું કે આ માફિયા લોકો તમને પાણીના એક-એક ટીપા માટે તલપાપડ કરાવશે, તેથી તેમને અહીં પ્રવેશવા ન દો. ભાજપનું મહાગઠબંધન હોય તો ગતિ છે, અને મહારાષ્ટ્રની પ્રગતિ છે. જિલ્લા સંકુલના ૧૬ ઉમેદવારો સાથે જનતાને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે સમગ્ર મહારાષ્ટ્ર જાણે છે કે બાળાસાહેબ ઠાકરેએ શહેરને છત્રપતિ સંભાજીનગર નામ આપવાની માંગ કરી હતી. આઘાડી સરકાર અઢી વર્ષ સુધી સત્તામાં હતી, પરંતુ કોંગ્રેસના દબાણ હેઠળ આ લોકોમાં હિંમત ન હતી. મહાયુતિ સરકારે સત્તા સંભાળતાની સાથે જ શહેરનું નામ બદલીને છત્રપતિ સંભાજીનગર કરી દીધું. મહારાષ્ટ્રે વિકસિત ભારતના વિઝનનું નેતૃત્વ કરવાનું છે. ભાજપ અને મહાયુતિ આ ઠરાવ સાથે કામ કરી રહી છે. તેથી જ આજે મહારાષ્ટ્રમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થઈ રહ્યું છે. પરંતુ મહા વિકાસ આઘાડી (ખટઅ)એ મહારાષ્ટ્રની સમસ્યાઓ વધારવા સિવાય કંઈ કર્યું નથી. મરાઠવાડામાં લાંબા સમયથી જળ સંકટ છે, પરંતુ કોંગ્રેસ અને આઘાડી હંમેશા નિષ્ક્રિય રહ્યા છે. અમારી સરકારમાં પહેલીવાર દુષ્કાળ સામે નક્કર પ્રયાસો શરૂ થયા

મુખ્યમંત્રીએ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ તથા વૈશ્વિક અગ્રણી જે બિલ સાથે કર્યા સમજૂતી કરાર

# ટેકનોલોજી ક્ષેત્રે રાજ્યનું વધુ એક મક્કમ પગલું

## ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ ઝોનમાં ૧૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે રોજગારીની તકો થશે ઉભી

રાજકોટ, તા. ૧૪
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની ટેક ઈકો સિસ્ટમમાં નવું સીમાચિહ્ન ઉમેરતા રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે વૈશ્વિક અગ્રણી જેબિલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર ખઘઞ કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ભારત ટેકનોલોજી અને ઉદ્યોગોમાં નોંધપાત્ર પરિવર્તનનું વાહક બન્યું છે અને ડિજિટલ ઈનોવેશન માટે વૈશ્વિક હબ બનવા તરફ આગેકૂચ કરી રહ્યું છે. આ સંદર્ભમાં ભારત સેમિકન્ડક્ટર મિશન, ઈન્ડિયા એઆઈ મિશન, નેશનલ ક્વોન્ટમ મિશન જેવી અગ્રણી પહેલો સાથે AI, IOT અને 5G ટેકનોલોજી સાથે ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગો મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા સજ્જ થયા છે.

ગુજરાત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ અને એન્જીનિયરીંગ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઈન સોલ્યુશન્સ માં વર્લ્ડ લીડર જેબિલ વચ્ચે થયેલા આ ખઘઞ અનુસાર ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન DSIRમાં ૧,૦૦૦ કરોડ રૂપિયાના સંભવિત રોકાણોની નેમ જેબિલ ધરાવે છે. આ નવા યુનિટ સાથે જેબિલ અને ગુજરાત સરકાર સાથે મળીને નેટવર્કિંગ, કેપિટલ ગુડસ, ઓટોમોટિવ અને અન્ય વિષયમાં પણ ધ્યાન કેન્દ્રિત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં થયેલા આ ખઘઞ અન્વયે જેબિલ આગામી ૨૦૨૭ સુધીમાં પોતાનું કાર્યક્ષેત્ર વિસ્તારવા અને અંદાજે ૫૦૦૦થી વધુ રોજગાર અવસરો પૂરા પાડવા પ્રતિબદ્ધ છે.

રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ કેપેસિટીને વેગ મળતા નવું સ્કીલ ડેવલપમેન્ટ વિસ્તૃત બનશે. આ ખઘઞ પર જબીલ વતી બી એન શુક્લા,




(ઓપરેશન ડાયરેક્ટર) અને મનીષ ગુરવાણી, મિશન ડાયરેક્ટર, ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન (GSEM) દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. રાજ્યમાં GSEM નોડલ અમલીકરણ એજન્સી તરીકે ઈલેક્ટ્રોનિક્સ સેગમેન્ટમાં રોકાણની સુવિધા માટે સહયોગ આપે છે.આ ખઘઞ ઉચ્ચ-કુશળ નોકરીની તકો અને વિશ્વ-કક્ષાના ઉત્પાદનોનું ઉત્પાદન કરીને રાજ્યની ટેકનોલોજી ઈકોસિસ્ટમને મજબૂત કરશે. ધોલેરા SIR સરકાર દ્વારા હાઇ-ટેક મેન્યુફેક્ચરિંગને ટેકો આપવા માટે ઉદ્યોગ-તૈયાર પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કાર્યક્ષમ લોજિસ્ટિકલ ફ્રેમવર્ક સાથે વિકસાવવામાં આવી છે.

વિશ્વની ટોચની બ્રાન્ડ્સ માટે વિશ્વસનીય ભાગીદાર જેબિલ વ્યાપક એન્જિનિયરિંગ, ઉત્પાદન અને સપ્લાય ચેઈન સોલ્યુશન્સ ઓફર કરે છે. સમગ્ર ઉદ્યોગોમાં ૫૦ વર્ષથી વધુના અનુભવ અને વિશ્વભરમાં ૧૦૦ થી વધુ સાઇટ્સના વિશાળ નેટવર્ક સાથે, સ્કેલેબલ અને કસ્ટમાઇઝ્ડ સોલ્યુશન્સ બંનેને પહોંચાડવા માટે સ્થાનિક કુશળતા સાથે તે વૈશ્વિક પહોંચને પણ જોડે છે.ગુજરાતમાં માઈક્રોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ, સીજી પાવર અને કેઈન્સ જેવા ટેક્નોલોજી લીડર્સ દ્વારા સેમિકન્ડક્ટર કામગીરી સ્થાપિત કરવામાં આવી છે.

ટાટા ગ્રૂપની કંપની ટાટા ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ (TEPL) ધોલેરા ખાતે ભારતની પ્રથમ કોમર્શિયલ સેમિકન્ડક્ટર ફેબ બનાવી રહી છે. ભારતમાં જેબિલ નું આયોજિત વિસ્તરણ ટેક્નોલોજી કંપનીઓ માટે ધોલેરામાં હવે અસાધારણ તકોના વિકાસને વેગ આપવા સાથોસાથ એક મજબૂત અને સિનર્જિસ્ટિક ઈકોસિસ્ટમને પ્રોત્સાહન પૂરૂ પાડશે. આ MOU સાઈનીંગ અવસરે મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્રસચિવ મોના ખંધાર તેમજ વરિષ્ઠ અધિકારીઓ અને જેબિલના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



દામ્પત્ય જીવનમાં પતિ-પત્નિ વચ્ચેના પરસ્પર સ્નેહનો અંત આવે તો સંસાર જીવન ગોટે ચડે

# ધણીની ધોખાધડીઃ પત્નિને દવાખાનામાં મુકી સગીરા સાથે ભાગ્યો

## બીજા બનાવમાં એક પરિણીતાને પતિ-સાસરિયાનો ભારે ત્રાસઃ જાહેરમાં ઢોર માર માર્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૧૪**

રાજકોટઃ દામ્પત્ય જીવનમાં અમુક પતિ કે પત્નિ દ્વારા દગાખોરી થાય તો સંસાર જીવનની ગાડી ગોથે ચડી જતી હોય છે. ઘણીવાર આનું પરિણામ વિચાર્યુ ન હોય તેવુ પણ આવતું હોય છે. બે એવા કિસ્સા સામે આવ્યા છે જેમાં ધણીની ધોખાધડીને કારણે પત્નિને પોલીસ પાસે જવુ પડ્યું હતું. એક કિસ્સામાં બે સંતાનનો પિતા દગાખોરી કરી ગયો હતો. જે બિમાર પત્નિને હોસ્પિટલમાં દાખલ કરી સોળ વર્ષની સગીરાને લઇ ભાગી ગયો હતો. બીજા બનાવમાં એક પરિણીતાને પતિ, દિયરે રૂમમાં પુરી દઇ જાહેરમાં મારકુટ કરી હતી. ઘરખર્ચના પૈસા ન આપી ઘરકામ મામલે મેણાટોણા મારી તેણીને હેરાન કરવામાં આવતી હોવાની વિગતો પોલીસ સમક્ષ જણાવાઇ હતી.



પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો ડેસર તાલુકામાં બે સંતાનનો પિતા એવો પાંત્રીસ વર્ષનો શખ્સ પત્નિને દવાખાનામાં દાખલ કરી ૧૬ વર્ષની કન્યાને લગ્નની લાલચ આપી ભગાડી જતાં પોલીસે બંનેની શોધખોળ હાથ ધરી છે. વડોદરાના ડેસર તાલુકાના ઉદલપુરનગરીમાં રહેતા સંતોષ ઇશ્વર પરમારને સંતાનમા બે બાળકો છે. પત્ની લક્ષ્મીને ખેંચની બીમારી હોવાથી સારવાર ચાલી રહી છે. દરમિયાન દસમીએ સવારે લક્ષ્મીને ખેંચ આવતા સંતોષ ગામમાં જ રહેતી સોળ વર્ષની સગીરાને સાથે લઇ ત્રણે રિક્ષામાં બેસીને ટીંબા ગયા હતા અને ત્યાંથી વધુ સારવાર માટે બાલાશિનોર દવાખાનામાં ગયા હતાં. હોસ્પિટલમાં બોટલ ચડાવવાની પ્રક્રિયા દરમિયાન સંતોષની સાળી પણ ત્યાં આવી ગઇ હતી આ વખતે સંતોષ નાસ્તો લઇને હું આવું છું તેમ કહી સગીરા સાથે હોસ્પિટલમાંથી નીકળ્યા બાદ બંને પરત ફર્યા ન હતાં.

લાંબો સમય સુધી સંતોષ અને સગીરા બંને નહી જણાતા શોધખોળ દરમિયાન સંતોષ સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે સગીરાના પિતાએ સંતોષ પરમાર સામે પોલીસ ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

બીજા બનાવમાં જામનગરની એક પરિણીતાને જાખર ગામના સાસરિયાઓએ અવાર નવાર શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવની વિગ એવી છે કે, જામનગર શહેરના વાલકેશ્વરી નગરી વિસ્તારમાં આવેલી એક ખાનગી હોસ્પિટલમાં કામ કરતા કૈલાશબા કનુભા વાળાના લગ્ન વર્ષ ૨૦૦૫માં લાલપુર તાલુકાના અરવિંદસિંહ શિવુભા જાડેજા સાથે જ્ઞાતિના રીતરિવાજ મુજબ થયેલ અને લગ્ન જીવન દરમિયાન એક પુત્રીનો જન્મ થયો હતો. લગ્ન જીવનના દસ વર્ષ સુધી સારી રીતે રાખ્યા બાદ તેમના પતિ અરવિંદસિંહ તેમને ઘરખર્ચના પૈસા આપતા નહીં, અને દિકરીનું પણ ધ્યાન રાખતા નહીં, સાસુ, સસરા પણ ઘરકામ બાબતે મેણાં ટોણાં મારી તને ઘરનું કાંઈ કામકાજ આવડતું નથી તેમ કહી માર મારતાં અને પતિને કહેતા કે તું આને છુટાછેડા આપી દે તને બીજા લગ્ન કરાવી દઇશ. તેમજ તેના જેઠ-જેઠાણી પણ તું તારી પત્નિને જાનથી મારી નાખ...આપણે નથી જોઇતી, એમ કહી મારકુટ કરી રૂમમાં પૂરી દેતા હતા. આ ઉપરાંત દિયર યુવરાજસિંહ અને દેરાણી [-યાબાએ તને અમારી મિલ્કતમાંથી કાંઇ મળશે નહીં, તેમ કહી મારકુટ કરતાં હતા. આ બધાના ત્રાસથી કંટાળેલા કૈલાસબાએ મહિલા અભયમને જાણ કરતા તેઓએ સમાધાન કરાવેલ હતું.

ત્યારબાદ પાંચ દિવસ પછી બધાએ એક સંપ કરી કૈલાસબાને માર મારી રૂમમાં પુરી દીધેલ હતી અને કૈલાસબાએ રૂમનો દરવાજો તોડી જાખરથી ભાગીને પોરબંદર ખાતે આવેલ સખી વન સ્ટોપમાં રહેવા જતાં રહેલ ત્યાંથી પોલીસે જામનગરના સખી વન સ્ટોપ સેન્ટરમાં મોકલવામાં આવેલ અને ત્યારબાદ કસ્તુરબા વિકાસગૃહમાં ખસેડવામાં આવેલ જયાં તેણીએ ૧૩ માસ રોકાઇ હતી. પરંતુ ત્યાં પણ સાસરીયાઓ દ્વારા વિકાસ ગૃહમાં કાર્યકર્તા બહેનને ફોન કરી આને અહીંથી કાઢી મુકો તેવી ચડામણીઓ કરતાં તેણીએ વિકાસગૃહમાંથી સ્વૈચ્છાએ રજા લઇ વાલકેશ્વરી નગરીમાં આવેલ એક ખાનગી હોસ્પિટલમાં કામમાં લાગી ગઇહતી.

ત્યારબાદ સાસરીયા પક્ષનાઓએ રસ્તામાં મારકુટ કરી કહેલ કે અમે તને ભરણપોષણ આપવાના નથી તારે જયાં જવું હોય ત્યાં જા અને બાદમાં એક દિવસે બપોરના અરસામાં તેણીના પતિ અને દિયરે કેવી.રોડ પર જાહેર માર્ગ પર બોલાચાલી કરી ઢોર માર મારતાં તેણીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયાં તેમને ગઇકાલે સારૂ થઇ જતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા તેણીએ મહિલા પોલીસ મથકમાં પતિ સહિતની વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# મિનીમમ ગવર્મેન્ટ, મેક્સીમમ ગવર્નન્સને લઈ CMનો નિર્ણય

## બોનાફાઈડ પરચેઝના કિસ્સામાં પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ મંજૂરી જિલ્લા કલેકટર આપી શકશે



રાજકોટ, તા. ૧૪

જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિન ખેતીના હેતુફેરની કામગીરી અંગે બોનાફાઇડ પરચેઝર ના કિસ્સામાં જમીન વેલ્યુએશન આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર કરાયો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જિલ્લા અને રાજ્યકક્ષાએ જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરીની દરખાસ્તોની મંજૂરીમાં ત્વરિતતા લાવવાનો એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

રાજ્યમાં પ્રવર્તમાન નિયમાનુસાર જે જમીનોનું વેલ્યુએશન ૫૦ લાખ રૂપિયાથી વધુ હોય તેવા કિસ્સામાં બોનાફાઇડ પરચેઝરે રાજ્ય કક્ષાએથી ફરજિયાત મંજૂરી લેવી પડે છે. આવા પરચેઝર્સની અરજીની વધુ સંખ્યા તેમજ તેના પરિણામે મંજૂરી પ્રક્રિયામાં વિવિધ તબક્કે અરજીઓની વિચારણામાં વ્યતીત થતો સમય નિવારવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સત્તા વિકેન્દ્રીકરણના હેતુસર મહત્વનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સને ચરિતાર્થ કરવા જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર કરવાનો આ નિર્ણય કર્યો છે. તદઅનુસાર, મહેસુલ વિભાગના ઠરાવ મુજબ બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીનની વેલ્યુએશનના આધારે પ્રીમિયમ વસુલાતની હાલની સત્તા સોંપણીમાં ફેરફાર કરીને હવે પાંચ કરોડ રૂપિયા સુધીના જમીનના વેલ્યુએશન ઉપર પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તાઓ જિલ્લા કલેકટરને સોંપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના આ લોકાભિમુખ નિર્ણયને પરિણામે બોનાફાઇડ પરચેઝર્સની અરજીઓનો ઝડપથી નિકાલ થતાં સમગ્ર કાર્યવાહી વધુ વેગવંતી બનશે અને પરિણામે વિકાસ પ્રક્રિયાને પણ વેગ મળશે.

# સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એક્શન મોડમાં પાંચ કિલો પ્લાસ્ટિક જથ્થો જપ્ત

## ૨૧ હજારથી વધુનો વહીવટી ચાર્જ વસૂલ : ૮૧ આસામીઓ પર તવાઈ




રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૧૨/૧૧/૨૦૨૪ થી ૧૩/૧૧/૨૦૨૪ એમ કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૧૨/૧૧/૨૦૨૪ થી ૧૩/૧૧/૨૦૨૪ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૮૧ આસામીઓ પાસેથી ૫.૮૧૭ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૧૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૩.૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૬૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૯ આસામીઓ પાસેથી ૦.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૪૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૭ આસામીઓ પાસેથી ૨.૨૬૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૦૮૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરના સુપરવિઝનમાં કામગીરી આવી કરવામાં.

# MARKET TODAY

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર




૧ દિલીપ બિલ્ડકોન લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૨૬,૫૮૫.૬૭ લાખનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૭,૩૨૦.૬૦ લાખ થયો હતો. કુલ આવક રૂ.૨,૫૨,૦૦૨.૪૧ લાખ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨,૮૯,૪૨૦.૪૯ લાખ થઈ હતી.

૨ અપોલો ટાયર્સ લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૨૯૭ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૪૭૪ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૬,૩૦૪ કરોડથી વધીને રૂ.૬,૪૫૮.૬૯ કરોડ થઈ છે.

૩ એનબીસીસી ઈન્ડિયા લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧૨૫.૧૩ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૮૧.૯૦ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૨,૧૩૪ કરોડથી વધીને રૂ.૨,૫૨૫ કરોડ થઈ છે.

૪ કલ્યાણ જવેલર્સ ઈન્ડિયા લિ.એ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા સ્ટેન્ડએલોન ત્રિમાસિક પરિણામમાં રૂ.૧૨૦.૨૫ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૧૨૫.૫૩ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૫,૨૫૪.૪૭ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૩,૭૬૮.૬૫ કરોડ થઈ હતી. કોન્સોલિડેટેડ ત્રિમાસિક પરિણામ ગ્રુપને રૂ.૧૩૦.૩૨ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૧૩૪.૮૭ કરોડ થયો હતો. ગ્રુપની કુલ આવક રૂ.૬,૦૯૧.૪૭ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૪,૪૨૭.૬૬ કરોડ થઈ હતી.

૫ સ્ટરલાઈટ ટેક્નોલોજીસ લિ.એ જણાવ્યું છે કે કંપનીને દિલીપ બિલ્ડકોન લિ. સાથેના કોન્સોર્ટિયમમાં જમ્મુ એન્ડ કાશ્મીરમાં ભારતનેટ થ્રી પ્રોજેક્ટ મળ્યો છે. પ્રોજેક્ટનું મૂલ્ય રૂ.૨૬૦૦ કરોડ છે.

૬ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧,૦૪૫.૯૭ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧૮૭.૩૫ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૩,૧૧૨ કરોડથી વધીને રૂ.૪,૦૭૩ કરોડ થઈ છે.

૭ સન ટીવી નેટવર્ક લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૪૦૯.૩૨ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૪૬૪.૬૯ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૧,૧૬૦ કરોડથી ઘટીને રૂ.૧,૧૦૬ કરોડ થઈ છે.

૮ થર્મેક્સ લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧૯૮ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧૫૮.૬૦ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૨,૩૬૮ કરોડથી વધીને રૂ.૨,૬૭૧ કરોડ થઈ છે.

૯ આઈશર મોટર્સ લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧,૧૦૦.૩૩ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧,૦૧૬.૨૫ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૪,૩૮૮ કરોડથી વધીને રૂ.૪,૬૧૬.૮ કરોડ થઈ છે.

૧૦ વોડાફોન આઈડિયા લિ. ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૭,૧૭૫.૯ કરોડની ચોખ્ખી ખોટ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૮,૭૩૭.૯ કરોડની થઈ હતી. કંપનીની કુલ આવક રૂ.૧૦,૭૫૦.૮ કરોડથી વધીને રૂ.૧૧,૨૩૨.૨ કરોડ થઈ છે.

૧૧ મિશ્ર ધાતુ નિગમ લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૨૩.૮૨ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧૩.૯૩ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૨૩૫.૦૫ કરોડથી વધીને રૂ.૨૭૦.૬૫ કરોડ થઈ છે.

૧૨ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૯૭.૭૭ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૮૦.૭૩ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૯૬૯.૪૬ કરોડથી વધીને રૂ.૧,૨૨૭.૮૩ કરોડ થઈ છે.

૧૩ ટોરેન્ટ પાવર લિ.ને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૪૯૫.૭૨ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૫૪૨.૫૫ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૭,૦૬૯ કરોડથી વધીને રૂ.૭,૩૦૦ કરોડ થઈ છે.

**IPO UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | SHARES | AMOUNT ₹ |
|---|---|---|---|---|---|---|---|
| ZINKA LOGISTICS SOLUTION LIMITED | 13/11 | 18/11 | CURRENT Retail (Min) | 259 - 273 | 1 | 54 | 14,742 |
| | | | Retail (Max) | | 13 | 702 | 1,91,646 |
| | | | S-HNI (Min) | | 14 | 756 | 2,06,388 |
| | | | B-HNI (Min) | | 68 | 3672 | 10,02,456 |
| NTPC GREEN ENERGY LIMITED | 19/11 | 22/11 | UPCOMING Retail (Min) | 102 - 108 | 1 | 138 | 14,904 |
| | | | Retail (Max) | | 13 | 1794 | 1,93,752 |
| | | | S-HNI (Min) | | 14 | 1932 | 2,08,656 |
| | | | B-HNI (Min) | | 68 | 9384 | 10,13,472 |
| AVANSE FINANCIAL SERVICES LIMITED | - | - | UPCOMING | - | - | - | - |

**SME UPDATES**

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| ONYX BIOTEC LIMITED | 13/11 | 18/11 | CURRENT | 58 - 61 | 2000 | 1,22,000 |
| LAMOSAIC INDIA LIMITED | 21/11 | 26/11 | UPCOMING | 200 | 600 | 1,20,000 |
| C2C ADVANCED SYSTEMS LIMITED | 22/11 | 26/11 | UPCOMING | 214 - 226 | 600 | 1,35,600 |

DISCLAIMER : અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી

### માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ની ભાવનાથી સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા રાજકોટમાં રામકથાનું આયોજન

# અમારે જોઈએ છે માવતર : સદ્ભાવના વૃદ્ધાશ્રમની નવતર પહેલ

## દેશનું સૌથી મોટું બનશે વૃદ્ધાશ્રમ : અંદાજિત રૂ.300 કરોડના ખર્ચનું અનુમાન. : વૃદ્ધાશ્રમના લાભાર્થે ૧૨ વર્ષ બાદ રાજકોટના આંગણે રામકથાનું આયોજન : તૈયારીઓને અપાઈ રહ્યો છે આખરી ઓપ





રાજકોટ, તા. ૧૪

રાજકોટમાં વડીલો અને વૃક્ષોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા માનસ સદભાવનાનું આયોજન કરાયું છે. ૨૩ નવેમ્બરથી શરૂ થનારી આ કથાનું કાઉન્ટડાઉન શરૂ થઇ ગયું છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે હાલમાં ત્રણ હજાર કાર્યકર્તાઓની ફોજ તૈનાત છે. જેમાં ઉદ્યોગપતિ, વેપારીઓ, સીએ, ડોક્ટરો, વકીલો તેમજ દરેક સમાજના શ્રેષ્ઠીઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે.

જામનગર રોડ, રાજકોટનાં રામપર ખાતે નિરાધાર, નિ:સંતાન વૃદ્ધો માટે ભારત દેશનો સૌથી મોટો ૭ બિલ્ડીંગ અને ૧૧ માળ અને ૧૪00 રૂમનો વૃદ્ધાશ્રમ બનવા જઈ રહ્યો છે. અંદાજિત રૂ.300 કરોડના ખર્ચે વૃદ્ધાશ્રમ બનશે.

૧૨ વર્ષના લાંબા સમયગાળા બાદ રાજકોટમાં રામકથા યોજાઈ રહી હોય તેને વધાવી લેવા માટે રાજકોટ જ નહીં પણ આખું ગુજરાત આતુર છે. આ કથામાં ક્યાંય પણ કચાશ ન રહી જાય અને શ્રોતાઓને નાની અમથી તકલીફ ન પડે તે માટે સદભાવના વૃદ્ધાશ્રમની ટીમ દ્વારા ચીવટતાપૂર્વક કામગીરી ચાલી રહી છે. વૈશ્વિક રામકથામાં શ્રોતાઓ આરામથી બેસીને કથાનું શ્રવણ કરી શકે તે માટે બે લાખ ચોરસફૂટ જગ્યામાં ત્રણ જર્મન ડોમ તૈયાર કરવામાં આવી રહ્યો છે. રોજ ૧ લાખ લોકો કથા શ્રવણ કરશે અને ૫0,000 લોકો ભોજન પ્રસાદ લેશે. પૂ. મોરારિબાપુની સમગ્રપણે ૯૪૭મી રામકથા યોજાશે. રેસકોર્સ પર મુખ્ય સ્ટેજ પર વ્યાસપીઠ બનાવવામાં આવી છે અને પૂ. મોરારિબાપૂના કટઆઉટ મુકવામાં આવ્યા છે. કથા પૂર્ણ થયા બાદ શ્રોતાઓ આરામથી ભોજનપ્રસાદ લઈ શકે તે માટે ૯0 બાય ૧૮0 ચોરસફૂટ જગ્યામાં રસોડું તૈયાર કરવામાં આવ્યું છે જ્યાં પ્રસાદ બનાવવામાં આવશે. જયારે ભોજન મંડપ ૯0 બાય ૫00 ચોરસફૂટનો બનાવાયો છે. જેના બે ડોમ તૈયાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને વાહન પાર્કિંગને લઈને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે ૧૫00 જેટલી કાર તેમજ ૧૫,000 ટુ- વ્હીલરનું પાર્કિંગ થઈ શકે તેવી વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવી છે. દેશ વિદેશમાંથી આવતા મહેમાનો માટે રહેવાની સુવિધા પણ કરવામાં આવી છે.

મોરારિબાપુએ ૯૪૬ કથા-પારાયણ કર્યાં છે. તેમણે ગુજરાતીમાં તેમજ હિન્દીમાં પણ રામકથાનાં સુંદર પારાયણો કરેલા છે. અમેરિકા, ઇંગ્લેન્ડ, ઓસ્ટ્રેલીયા, બ્રાઝીલ, સાઉથ આફ્રિકા, જાપાન, શ્રાલંકા, ઇન્ડોનેશિયા, ઇઝરાયેલ, યુ એન સહિતનાં ઘણા દેશોમાં રામકથા કરી છે. સંયુક્ત રાષ્ટ્ર મથક ખાતે પૂ. મોરારિબાપુની રામ કથા કરાઈ હતી તે કથામાં એઆઈ નો ઉપયોગ કરીને તેમની પોતાની અવાજમાં અંગ્રેજી સંસ્કરણ તૈયાર કરવામાં આવ્યું હતું.પૂ. મોરારિબાપુએ ન્યુયોર્ક સ્થિત સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલયમાં રામકથાનું આયોજન કર્યુ હતુ.યુએનના મુખ્યાલયમાં કરાયેલ આ આયોજન કોઈપણ આધ્યાત્મિક ગુરૂ દ્વારા કરાયેલું આ પ્રકારનું પ્રથમ આયોજન હતું. તેઓ યુએનની જનરલ એસેમ્બલી પણ ગયાં હતાં, જ્યાં તેમણે ગોસ્વામી તુલસીદાસનું રામચરિત માનસ (રામાયણ) મૂકીને વૈદિક સ્તોત્રનો ઉચ્ચાર કર્યો હતો.

રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃદ્ધો અને વડીલોનાં શુભાર્થે પૂ.મોરારિબાપુની વૈશ્વિક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે.વૈશ્વિક રામકથા ૨૩ નવેમ્બરથી શરુ થઈને ૧ ડિસેમ્બર સુધી ચાલશે. દરરોજ ૧ લાખ લોકો કથા શ્રવણ કરશે અને ૫0 હજાર લોકો ભોજન પ્રસાદ લેશે. શ્રી કૃષ્ણ કહે છે કે, 'જે બીજાના દુઃખને પોતાનું માનીને હંમેશા બીજાના દુઃખ દુર કરવા પ્રયત્નશીલ રહે અને બીજાના સુખને પોતાનું માનીને એના સુખમાં વધારો કરવા પ્રયત્ન કરે એ મહાન યોગી છે.' સંનિષ્ઠાપૂર્વક આવો યોગ કરવાની ભાવનાથી સદભાવના વૃદ્ધાશ્રમની ટીમ વડીલોનાં દુ:ખને દુર કરવા માટે વર્ષોથી પ્રયત્ન કરી રહી છે. 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ'ની ભાવના ચરિતાર્થ કરવાના હેતુથી સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા જામનગર રોડ રામપર ખાતે 300 કરોડનાં ખર્ચે, ૧૧ માળ ધરાવતી ૭ બિલ્ડીંગનાં નવા વૃદ્ધાશ્રમનું નિર્માણ થવા જઇ રહ્યું છે. આ સાથે વૈશ્વિક પર્યાવરણની શુદ્ધિ માટે કરોડોની સંખ્યામાં વૃક્ષો વાવી એક સ્વસ્થ પર્યાવરણ બનાવવાનાં તેમજ સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષ વાવવાના સદભાવના વૃદ્ધાશ્રમનાં ભાવિ સ્વપનને સાકાર કરવા પગલાં માંડવા માટે પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા યોજાઈ રહી છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે સામાજીક કે શારીરીક રીતે અશકત હોય તેવા કોઈપણ ઉંમરના વ્યકિતઓને સદભાવના વૃધ્ધાશ્રમ, નાતજાત કે ધર્મના ભેદભાવ વગર, હરખભેર આવકારે છે. જો કોઈ નિરાધાર, નિ:સહાય, પથારીવશ કે બીમાર વ્યકિત ધ્યાનમાં આવે,તો તેને સદભાવના વૃધ્ધાશ્રમ સુધી પહોંચાડી શકાય છે.

આ માટે સદભાવના વૃદ્ધાશ્રમ અમારે માવતર જોઈએ છે તેવી અનોખી પહેલા ચલાવે છે. નિસંતાન, નિરાધાર, અપરિણત અને પથારીવશ વડિલો જયારે પોતાનાં રહયાં સહયાં જીવનને અભિશાપ ગણતા, દિવસો વિતાવતા હોય, તેવા એકલવાયા લોકો સદભાવના વૃધ્ધાશ્રમ પરીવારના સભ્ય બન્યા પછી આયખાંના બાકી રહેલા દિવસો સુખ-શાંતિ અને હર્ષથી વિતાવતા, ચહેરા પર સ્મિત ધારણ કરેલા જોવા મળે છે. જે સદભાવના વૃધ્ધાશ્રમ માટે સંતોષની ચરમસીમા સમું દશ્ય છે. અનાથ, નિરાધાર, જેનું કોઈ નથી એવા વૃદ્ધોની સેવામાં વધુને વધુ લોકો જોડાતા રહે એ આજના સાંપ્રત સમયની માંગ છે. સેવાની ભાવના સમાજમાં વધુ પ્રસરે અને એ દ્વારા લોકો પોતાના માતા પિતાની પણ સેવા કરતા થાય એવા શુભ કાર્યમાં જોડાવવા સૌ ને આમંત્રણ આપવામાં આવ્યું છે. સદભાવના વૃદ્ધાશ્રમમાં હાલમાં પણ ૬૫0 વડીલો છે જેમાં ૨00 વડીલો ડાઈપર પર(પથારીવશ) છે. સમગ્ર ભારતમાંથી આવતા નિ;સંતાન, નિરાધાર વડીલોને ના ન પાડવી પડે તેવા ઉમદા અને પવિત્ર આશયથી વધુમાં વધુ વડીલોનો સમાવેશ કરી શકાય તે માટે નવું સદભાવના વૃદ્ધાશ્રમ બનાવવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

વૃક્ષો અને વૃદ્ધો બંને છાયા આપે છે. વૃક્ષો અને વડીલોની સેવા કરતા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે તા. ૨૩ નવેમ્બર-૨૦૨૪ થી તા. ૦૧ ડીસેમ્બર-૨૦૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ,રાજકોટ ખાતે પૂ. મોરારિ બાપુની વૈશ્વિક રામકથા માનસ સદભાવના યોજાનાર છે. કથાનો સમય ૨૩ નવેમ્બરે સાંજે ૪ થી ૬:૩૦ વાગ્યા સુધી અને ૨૪ નવેમ્બરથી ૧ ડીસેમ્બર સુધી સવારે ૧૦:૦૦ થી ૧:૩૦ સુધીનો છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# વિશ્વાસ બાયપાસ

## તબીબી ક્ષેત્રની તીવ્ર સર્જરી કરવી જરૂરી : ભગવાન ખુદ રાક્ષસની ભૂમિકામાં




અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં તબીબોના રાક્ષસી તાંડવથી ગુજરાત સ્તબ્ધ બન્યું છે. આ ઘટનાના પડઘા રાજ્યભરમાં પડી રહ્યા છે, ખ્યાતિના એક તબીબ રાજકોટમાં હોસ્પિટલ ધમધમાવતા હતા. જે પણ શંકાના ઘેરામાં આવી ગઈ છે.

વૈધ-તબીબને સમાજમાં ભગવાનનો દરજ્જો અપાયો છે. ભગવાનો ખુદ રાક્ષસીકાંડ કરવા લાગતા સમાજ સ્તબ્ધ બન્યો છે.

ખ્યાતિ હોસ્પિટલના ખૂલી રહેલા પ્રકરણો પ્રમાણે સ્વસ્થ દર્દીઓને બિનજરૂરી ટેસ્ટથી માંડીને બિનજરૂરી સારવાર સર્જરી કરીને સરકારી યોજનાના નાણા કટકટાવતા હતા. રૂપિયા માટે નિર્દોષ લોકોના આરોગ્યની અને તેમની જિંદગીની પથારી ફેરવતા હતા. આ રાક્ષસી પ્રવૃત્તિ જ ગણાય.

ગુજરાત આરોગ્યનું હબ બની રહ્યું છે. દેશ-વિદેશથી દર્દીઓ સારવાર માટે આવવા લાગ્યા છે. જોકે આરોગ્ય ક્ષેત્રે બેદરકારીથી માંડીને કુવૃતિ વ્યાપક પ્રમાણમાં વધી ગઈ છે, ખ્યાતિ હોસ્પિટલના ખેલની ઘટના દેશભરના મીડિયામાં છવાઈ ગઈ છે. આ કારણે ગુજરાતનું તબીબી જગત કુખ્યાત બની રહ્યું છે, આદર્શ તબીબોને પણ છાંટા ઉડી રહ્યા છે.

ગુજરાતમાં દર્દી તથા તેના સ્વજનોને ભયભીત કરીને તાત્કાલિક સારવાર કરાવવા મજબૂર કરવાની પદ્ધતિ વ્યાપક બની ગઈ છે. આ ઉપરાંત લેબ ટેસ્ટથી માંડીને દવાઓમાં પણ તબીબોના વ્યાપારી સાથેના સેટિંગ અનેક વખત ઉઘાડા પડ્યા છે.

બિનજરૂરી ટેસ્ટ, બિનજરૂરી સારવાર, બિનજરૂરી ઈમરજન્સી થતી હોવાની શંકા કેટલાક સમયથી ચાલતી હતી. ખ્યાતિ હોસ્પિટલે શંકા સત્ય સાબિત કરી દીધી છે. એક મજબૂત સંભાવના એવી પણ છે કે ખ્યાતિ જેવા કાંડ ગુજરાતના અનેક શહેરોમાં ચાલતા હશે, આરોગ્ય ક્ષેત્રે શુદ્ધિકરણની ઈચ્છા શક્તિનો જ અભાવ હોય તેવો માહોલ છે.

ખ્યાતિ કાંડના અહેવાલો વાંચતા એવી સમજ દ્રઢ બને છે કે તબીબોના રાક્ષસી કાંડમાં પડદા પાછળ મોટા માથા ગોઠવાયેલા છે, આરોગ્યના જ નહીં મોટાભાગના કાંડોમાં પડદા પાછળના માથા જ મુખ્ય ખેલાડી હોય છે પણ તેના ભાંડા ફૂટતા નથી અને કાંડો પણ ભીના સંકેલાઈ જતા હોય છે.

બાયપાસ એટલે આવેલો અવરોધ અવગણીને નવો રસ્તો બનાવવો, ગુજરાતમાં આરોગ્ય જગતે વિશ્વાસ ને જ બાયપાસ કરી દીધો છે. સામાન્ય માણસ પાસે આરોગ્ય અંગે વિશેષ જ્ઞાન હોતું નથી, તબીબો પર વિશ્વાસ રાખવો તેમની લાચારી છે, ખ્યાતિ જેવા કાંડોથી વિશ્વાસ તૂટી ગયો છે.

ગુજરાતે આવા મામલાને પતિગંભીર ગણીને આરોગ્ય ક્ષેત્રે પરિણામ લક્ષી તીવ્ર સર્જરી કરીને શુદ્ધિકરણ કરવું જરૂરી છે ભગવાનના રૂપમાં ગોઠવાયેલા રાક્ષસોથી મુક્તિ મળવી જોઈએ.

"પ્રેમભકિતના હસ્તાક્ષરે"
થોડું જોયા કરજો,
થોડું જતું કરજો,
ને થોડું જાતે કરજો.
જીંદગી જીવવા જેવી લાગશે.
કોઈનાં ગયાં પછી,
"MISS YOU"
લખવા કરતા,
જીવતાં હોય ત્યાં સુધી
"WITH YOU"
લખો ને એ વધારે સારું

શાસ્ત્રી ભક્તિપ્રકાશ દાસજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જીલ્લા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# મણિપુરમાં '૧૦ આતંકવાદીઓ'ની હત્યા બાદ આસામ-મિઝોરમમાં વિરોધ પ્રસર્યો

## AFSPA ફરી લાગુ : ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, જીરીબામ, કાંગપોકપી અને બિષ્ણુપુર જિલ્લાના કેટલાક વિસ્તારોને 'વ્યગ્ર વિસ્તાર' તરીકે જાહેર કરવામાં આવ્યા છે

નવીદિલ્હી, તા. ૧૪

૧૧ નવેમ્બરના રોજ મણિપુરના જીરીબામ જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં ૧૦ ''સશસ્ત્ર આતંકવાદીઓ'' માર્યા જવાથી ફેલાયેલી અસંતોષની લહેર હવે દક્ષિણ આસામ અને મિઝોરમમાં ફેલાઈ ગઈ છે. સિલચર મેડિકલ કોલેજ (એસએમસી) ની બહાર મોટી સંખ્યામાં આદિવાસી સંગઠનોએ બુધવારે ''લાંબી શબપરીક્ષણ પ્રક્રિયા'' પર પ્રશ્નો ઉઠાવ્યા, જ્યારે મિઝો નેશનલ ફ્રન્ટ (MNF) એ મૃત્યુને ''બહાર ન્યાયિક હત્યા'' ગણાવી. મંગળવાર સાંજ સુધીમાં, ૧૦ મૃતકોમાંથી ૬ના મૃતદેહોનું જખઈ ખાતે પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને બાકીના ૪ના પરીક્ષણની પ્રક્રિયા બુધવાર સુધી ચાલુ રહી હતી. દરમિયાન, આદિવાસી વિરોધીઓની સંખ્યામાં તેમના ગુસ્સા સાથે વધારો થયો. આ મુદ્દા પર ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબમાં, કથાર જિલ્લાના એસપી નુમલ મહત્તાએ કહ્યું કે ''શબપરીક્ષણમાં જાણી જોઈને વિલંબ કરવામાં આવી રહ્યો નથી''. દરમિયાન, આઈઝોલમાં, MNFએ મૃતકોને ''શહીદ'' તરીકે વર્ણવ્યા અને આરોપ લગાવ્યો કે CRPF અને પોલીસની સંયુક્ત ટીમે ''ગ્રામીણ સ્વયંસેવકો''ની હત્યા કરી અને તેમને ''આતંકવાદી'' તરીકે દર્શાવ્યા.

MNF એ નિવેદનમાં જણાવ્યું હતું કે, ''સીઆરપીએફની કાર્યવાહીએ પક્ષપાતનો પર્દાફાશ કર્યો છે, જે મણિપુરની નાજુક પરિસ્થિતિને વધુ બગડી શકે છે.'' અમે તેમના પક્ષપાતી પગલાંની નિંદા કરીએ છીએ અને ચેતવણી આપીએ છીએ કે જો આપણે જીવીશું, તો આપણે બધા સાથે રહીશું, અને જો આપણે મરી જઈશું, તો આપણે કોઈને એકલા મરવા નહીં દઈએ. MNF એ એમ પણ કહ્યું કે મૃતકોના મૃતદેહ સિલ્ચરથી મિઝોરમ થઈને તેમના ઘરે મોકલવામાં આવશે. મણિપુરમાં હિંસાની ઉભરી રહેલી પરિસ્થિતિને કારણે, રાજ્યના ૫ જિલ્લાના ૬ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આર્મ્ડ ફોર્સિસ (સ્પેશિયલ પાવર્સ) એક્ટ (AFSPA) ફરીથી લાગુ કરવામાં આવ્યો છે. ગૃહ મંત્રાલયે ગુરુવારે જાહેરાત કરી હતી કે ઇમ્ફાલ પશ્ચિમ, ઇમ્ફાલ પૂર્વ, જીરીબામ, કાંગપોકપી અને બિષ્ણુપુર જિલ્લાના કેટલાક વિસ્તારોને 'વ્યગ્ર વિસ્તાર' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જે પોલીસ સ્ટેશન વિસ્તારોમાં AFSPA ફરીથી લાગુ કરવામાં આવી છે તેમાં ઇમ્ફાલ પશ્ચિમના સેકમાઇ અને લમસાંગ, ઇમ્ફાલ પૂર્વના લામલાઇ, જીરીબામના જીરીબામ, કાંગપોકપીના લામાખોંગ અને બિષ્ણુપુરના મોઇરાંગનો સમાવેશ થાય છે.

કેન્દ્રએ ૧ ઓક્ટોબર, ૨૦૨૪ થી રાજ્યના મોટાભાગના ભાગોમાં AFSPA એક્ટને બીજા છ મહિના માટે લંબાવ્યો હતો, જોકે ૧૯ પોલીસ સ્ટેશન વિસ્તારોને પ્રમાણમાં શાંતિપૂર્ણ ગણીને સૂચનાથી દૂર રાખવામાં આવ્યા હતા.

સુરક્ષા દળોએ મણિપુરના જીરીબામ અને ચુરાચંદપુર જિલ્લામાંથી હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. પોલીસે ગુરુવારે એક નિવેદનમાં આ માહિતી આપી હતી. સુરક્ષા દળોએ બુધવારે જીરીબામ જિલ્લાના ચંપાનગર, નારાયણપુર અને થંગબોઇપુંજરે વિસ્તારોમાં ઘેરાબંધી અને સર્ચ ઓપરેશન દરમિયાન મોર્ટાર અને કારતૂસ જપ્ત કર્યા, નિવેદનમાં જણાવાયું છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સુરક્ષા દળોએ ચુરાચંદપુર જિલ્લાના એચ કોટલિયાન ગામમાંથી એક રાઈફલ, એક પિસ્તોલ, બે સ્થાનિક રીતે બનાવેલી લાંબી રેન્જની તોપો, એકે ૪૭ના પાંચ રાઉન્ડ વગેરે જપ્ત કર્યા છે.

### લાખોની ચોરીઓની ઘટનાઓ વચ્ચે પોલીસે એવુ ડિટેક્શન કર્યુ કે વાહવાહી થઇ

# યુવાને લાખોની ચોરી કરી મુદ્દામાલ છુપાવી માથે ચણતર કર્યુ!

## બનેવીએ એક્ટીવા ખરીદવા પૈસા ન દેતાં સાળાએ તેના મકાનમાં ત્રાટકી સોળ લાખની માલમત્તા ચોરી લીધી હતીઃ દાગીના દિવાલના ખાંચામાં છુપાવી માથે વ્હાઇટ સિમેન્ટ ચોપડી દીધી હતીઃ રીઢા ચોર જ સામેલ છે એવુ દેખાડવા પાછળના દરવાજાનું તાળુ પણ તોડ્યું હતું

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૪

રાજકોટઃ સાળા-બનેવી વચ્ચે આમ તો મિત્રતાના સંબંધ હોય છે, પરંતુ ઘણીવાર આ બંને વચ્ચે કોઇ વાતે ડખ્ખો થઇ જાય તો વાત વણસી જતી હોય છે. એક કિસ્સામાં મંદિરના પૂજારીના ઘરમાં લાખોની ચોરી થઇ હતી. પોલીસે મહેનત કરી આ ગુનાનો ભેદ ઉકેલતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. કારણ કે આ ચોરી પૂજારીના સાળાએ જ કરી હતી. સાળાએ બનેવી પાસે એક્ટીવા લેવા માટે નાણા માંગ્યા હતાં. પરંતુ બનેવીએ ના પાડતાં તે ગીન્નાયો હતો અને સોળ લાખની રોકડ-દાગીનાની માલમત્તા ચોરી લીધી હતી. આ મુદ્દામાલ દિવાલ નીચે ખાંચામાં છુપાવી માથે વ્હાઇટ સિમેન્ટથી ચણતર કરી લીધુ હતું! જો કે પોલીસે આ કારીગીરી ઉઘાડી પાડી દીધી હતી અને તેને પકડી લઇ મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો ઉમરા વિસ્તારમાં થયેલી પૂજારીના ઘરે વિઝિટેશન ચોરીની ઘટનામાં સુરત ક્રાઇમ બ્રાંચે ફરિયાદીના જ સગા સાળાની ધરપકડ કરી છે. ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વિઝિટેશન ઘરફોડ ચોરીના ગુનામાં ગણતરીના કલાકોમાં ફરિયાદીના સગા સાળાને ઝડપી પાડી કુલ વજન ૨૪૯,૭૮ ગ્રામ, કુલ કિંમત રૂપિયા ૧૬,૨૨,૯૬૦ મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી સાળાએ બેડરૂમની અભરાઇની નીચેની દિવાલે આવેલા ખાંચામાં દાગીના મુકી ઉપર વ્હાઈટ સિમેન્ટ લગાડી ચણતર કરી લીધેલ. આ બનારામાં પોલીસે એકસઠ વર્ષના અમૃતભાઈ ડાહ્યાભાઈ ભંડારીની ફરિયાદ લીધી હતી. તેઓ પૂજારી છે.

એક દિવસ તેઓ તથા પરીવારના સભ્યો સાથે પાલીતાણા અને વિરપુર મુકામે દર્શનાર્થે ગયેલ હતા. ફરિયાદીના ઘરના પાછળના વાડાના ભાગે આવેલ લોખંડના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી ઘરના કબાટમાં મુકેલ રોકડા રૂપિયા ૫૧,૦૦૦ તથા સોનાના આશરે ૧૩૭.૫ ગ્રામના દાગીના જેની અંદાજીત કિંમત રૂપિયા ૪,૮૧,૨૫૦ તેમજ સીસીટીવી કેમેરાના રેકોડિંગ માટે લગાવેલ ડીવીઆર સહિતની ચોરી થઇ ગયાની જાણ થઇ હતી. એફઆઇઆર દાખલ થઇ તપાસ શરૂ કરવામાં આવી હતી. એ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે, આ ઘરફોડ ચોરીનો ગુનો ફરિયાદી અમૃતભાઈ ભંડારીના સગા સાળા જયકુમાર ભંડારીએ જ કરી છે. જે હકીક્ત આધારે પૂજારીના સાડત્રીસ વર્ષીય સાળા જયકુમાર સુરેશભાઇ ભંડારીને ક્રાઇમ બ્રાંચની ટીમે ઉઠાવી લીધો હતો.



**પુજારીનો પરિવાર ચોટીલા, પાલિતાણા દર્શને ગયો ત્યારે રેઢા ઘરમાં થઇ હતી ચોરી**

તેની આકરી પાડી પૂછપરછ કરતા આરોપીએ ઘરફોડ ચોરીનો ગુનો પોતે આચરેલ હોવાની કબુલાત કરી હતી. આરોપી તેની સગી બહેન બનેવીના ઘરમાં જ ચોરીની ઘટનાને અંજામ શા માટે આપ્યો તે અંગે જ્યારે પોલીસે પૂછ્યો ત્યારે તેણે જણાવ્યું હતું કે, પોતાના બહેન બનેવી આર્થિક રીતે સધ્ધર છે અને બનેવી અમ્રુતભાઇ ભંડારીના વેલેન્ટાઇન સિનેમા પાસે આવેલા સાંઇબાબાના મંદિરમા પુજારી અને ટ્રસ્ટી તરીકે સેવા આપે છે જેને લઇને પોતાને મંદીરમાં સેવા કરવા માટે નોકરી ઉપર રાખેલ જેમાં માસીક રૂપિયા ૫૦૦૦ પગાર અને જમવા માટેનું માસિક રાશન પુરૂ પાડે છે.

આજથી ત્રણેક મહિના પહેલાં પોતે એક એક્ટિવા ખરીદ કરવું હતું જેના માટે રૂપિયા ૨૦,૦૦૦ ઓછા પડતા હતા, જે નાણા બહેન-બનેવી પાસે માંગણી કરતા તેઓએ આ રૂપિયા આપવાની ના પાડતા પોતાને મનોમન ખુબ જ દુઃખ થયેલ હતું.

પોલીસ ઇન્સ્પેક્ટર કિરણ મોદીએ જણાવ્યું હતું કે આરોપીના બહેન-બનેવી પરીવારના સભ્યો સાથે પાલીતાણા અને વિરપુર દર્શનાર્થે ગયેલ હતા અને તેઓના ઘરમાં અને અગાશી ઉપર આવેલ ફુલ છોડમાં પાણી પાવા માટે મુખ્ય દરવાજાની ચાવી આરોપીને આપી ગયા અને ઘરના બીજા રૂમો બંધ હતા. તે દરમ્યાન પોતે ઘરમાં મુકેલ રોકડ અને દાગીનાઓ ચોરી કરવા માટેનું નક્કી કરી ઘરમાં કોઇ અજાણ્યો શખસ ચોરી કરી ગયો છે તેઓ આભાસ ઉભો થાય તે માટે ઘરના પાછળના વાડાના ભાગે આવેલ લોખંડના દરવાજાનુ તાળુ તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

તેમજ ઘરના કબાટમાં મુકેલ રોકડ તેમજ દાગીના ચોરી કરી લીધેલ હતા અને આ ચોરી કરેલ સોનાના દાગીના પોતાના સુમન લીપી આવાસ ખાતે આવેલ મકાનમાં છુપાવેલ હોવાની કરેલ કબુલાત આધારે ક્રાઇમબ્રાંચની ટીમ દ્વારા આરોપીના ઘરે બેડરૂમની અભરાઇની નીચેની દિવાલે આવેલ ખાંચામાં દાગીના મુકી ઉપર વ્હાઈટ સીમેન્ટ લગાડી ચણતર કરી લીધેલ જે દિવાલ તોડી જુદા જુદા કુલ વજન ૨૪૯.૭૮ ગ્રામ, કુલ કિંમત ૧૬,૨૨,૯૬૦ ની મત્તાના સોનાના ઘરીના રીકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે તેણે સીસીટીવીનું ડીવીઆર નદીમાં ફેંકી દીધુ હતું. પોલીસે સાળાની કારીગીરી ઉઘાડી પાડી તેને સાણસામાં લઇ મુદ્દામાલ પણ કબ્જે કરી લીધો હતો.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## પ્રાસંગિક

## કાર્તિકી પૂર્ણિમાએ સ્વર્ગને બચાવવા ભગવાન શિવ એ ત્રિપુરાસુરનો વધ કર્યો



આજે કારતક સુદ પૂર્ણિમા જેને આપણે દેવ દિવાળી તરીકે ઓળખીએ છીએ. આપણે પુરાણો પરથી એવી કેટલીયે દંત કથાઓ સાંભળી હશે, વાંચી હશે, કે કોઈને મોઢે સાંભળી હશે, અને એમાં બંનેમાં જે ચડિયાતું પાત્ર હોય, એને દેવ કહેવાય અને વિકૃત કે હલકું પાત્ર હોય એને દાનવ કહેવાય. દિવાળી એટલે જીવન સંબંધોને સંવારવાનો અવસર અને દેવ દિવાળી એટલે ઈશ્વર પ્રત્યેની આપણી શ્રદ્ધા અને વિશ્વાસનું જતન કરવાનો અવસર એવું ચિંતન કરી શકાય. કાળ ચક્રના પૈડાંનું એટલે કે જીવનની ગતિવિધિઓનું શાંત રીતે નિરીક્ષણ કરવામાં આવે તો એમાં ઉતાર ચઢાવના મોડ આવતાં જ રહેતાં હોય છે, અને આ કંઈ આજનાં સમયની વાત નથી. સતયુગથી શરૂ કરીને આજે એટલે કે કળિયુગ સુધી આવા ઉતાર ચઢાવનો દોર જોઈ શકાય છે, અને એવું પણ નથી કે દેવને શાંતિ હતી. દેવને પણ પોતાનું સામ્રાજ્ય બચાવવા માટે બહુ જ મહેનત કરવી પડતી હતી. કારણ કે શક્તિશાળી દાનવો ( બુરાઈ ) એ સમયે પણ દેવનાં ( અચ્છાઈ) અસ્તિત્વને જોખમમાં મૂકી શકે તેમ હતા. જોકે દેવ દાનવ એ કદાચ પહેલાંનાં સમયની શ્રેણી હતી, એટલે આપણે એને દંતકથા રૂપે જોઈએ છીએ, પરંતુ આજે પણ સમાજમાં એ જ રીતે સજ્જન કે વૈષ્ણવો કે પછી સાધુ પુરુષ વ્યક્તિત્વ જોવા મળે છે, જેના જીવન વિશે જાણીએ તો આપણને દેવ કરતાં પણ વધુ આકરી આકરી પરિસ્થિતિ માંથી પસાર થયાનું જાણવા મળે છે. દેવ દિવાળી સાથે પણ આવી એક દેવ દાનવની દંતકથા જોડાયેલી છે એને વિશે વાત કરીશું.

પૌરાણિક કથા અનુસાર ત્રિપુરાસુર નામનો એક બહુ જ શક્તિશાળી રાક્ષસ હતો, તે ખુબ જ તપ કરતો હતો. તેની તપની વિધા જોઈને દેવો સમજી ગયા, કે આ કોઈ સામાન્ય તપ કરતો નથી, અને જે ત્રણે લોકનું અહિત કરવા તપ કરી રહ્યો છે, માટે તેમણે તેનું તપ ભંગ કરવા માટે અપ્સરાઓને મોકલી, પરંતુ તે અપ્સરાઓ પણ તપ તોડી ન શકી. તે કામ, ક્રોધ, કે રૂપને વશ થયો નહીં. અને તેણે પોતાનું એ તપ ચાલુ રાખ્યું, અને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા, અને અમરતાનું વરદાન માંગ્યું. બ્રહ્માજીએ તેને કહ્યું કે શરીર છે માટે મૃત્યુ પણ અનિવાર્ય છે, તોય અન્ય વરદાન માંગી લે ત્યારે તેણે કોઈ દેવથી ન મરું, કોઈ રાક્ષસથી ન મરું! કોઇ સ્ત્રીથી ન મરું! કે કોઈ રોગથી ન મરું! એવું વરદાન માંગ્યું, અને બ્રહ્માજી તથાસ્તુ કહીને ચાલ્યા ગયા. ત્રિપુરાસુર એ સમગ્ર પૃથ્વી પર ત્રાસ ફેલાવવાનું શરુ કર્યું, અને અન્ય રાક્ષસો પણ તેની સાથે જોડાયા. તેમણે રાક્ષસોને કહ્યું કે દેવતાઓ પાસેથી સ્વર્ગ છીનવી લેવાનું છે, અને અન્ય કિંમતી ચીજવસ્તુઓ પણ લઈ લેવાની છે, જો કોઈ ન માને તો તેને મોતને ઘાટ ઉતારી દો. દેવ દાનવનું ભયંકર યુદ્ધ થયું, અને દેવતાઓને સ્વર્ગ છોડવું પડ્યું. લગભગ દેવતાઓને એવું લાગ્યું કે, આપણે હવે હારી જઈશું, અને જો આ ત્રિપુરાસુર સ્વર્ગ પર કબજો કરી લેશે તો આપણે ક્યાં જઈશુ? આથી તેઓ બધા શંકરને શરણે જાય છે. ત્રિપુરાસુર ત્યાં પણ પહોંચી જાય છે, અને યુદ્ધ માટે લલકારે છે. બ્રહ્મા, નારદ, અને ઈન્દ્ર, ભગવાન શિવને પ્રાર્થના કરે છે, કે હવે તમે જ આનો કોઈ ઉપાય શોધો. ભગવાન શંકર ત્રિપુરાસુરને એક જ બાણ મારે છે, અને તેનું મૃત્યુ થાય છે, તેથી દેવો પોતાના વિજય માટે કે સ્વર્ગ બચી ગયું એમ કરીને હર્ષોલ્લાસથી નાચવા લાગે છે, અને આ દિવસે કારતકી પૂર્ણિમા હતો, એટલે એ દિવસથી આ તહેવાર ઉજવવામાં આવે છે. એને દેવ દિવાળી કે ત્રિપુરારી પૂર્ણિમા પણ કહેવામાં આવે છે.

આપણી દિવાળીની જેમ જ પ્રબોધિની એકાદશી કે તુલસી વિવાહથી શરૂ કરીને કારતકી પૂર્ણિમા સુધી દેવ દિવાળીનો તહેવાર ઉજવવામાં આવે છે. લગ્નનો પ્રસંગ પાંચ દિવસનો હોય એ રીતે પૂર્ણિમાને દિવસે તુલસી વિવાહની સમાપ્તિ થાય છે. પરંતુ પ્રબોધિની એકાદશીના દિવસે ચિંતનમાં આપણે જોયું કે જલંધર નામનાં એક અસુરના ત્રાસથી બચવા દેવોએ વિષ્ણુને વિનંતી કરી અને આમ એક શક્તિશાળી અસુરને યુદ્ધમાં છેતરપિંડી કરીને મોતને ઘાટ ઉતાર્યો, અને એની પતિવ્રતા પત્ની વૃંદાને કારણે સ્વયં ભગવાન વિષ્ણુ દંડિત થયાં, અને વૃંદા પોતાના પતિ જલંધરનું મસ્તક ખોળામાં રાખી સતી થઈ અને એ રાખમાં તુલસીનો છોડ ઉત્પન્ન થયો. જ્યારે કાર્તિકી પૂર્ણિમાએ બ્રહ્માજી પાસેથી લગભગ અમરતાની નજીકનું વરદાન પ્રાપ્ત કરવા છતાં ભગવાન શંકર એ એને પણ મરણને શરણ પહોંચાડ્યો, અને આ રીતે દેવોનાં સામ્રાજ્યને બચાવ્યું. આ બંને ઘટનામાંથી શું તારવી શકાય! દેવ એટલે ધર્મ અને દાનવ એટલે અધર્મ એમ જો ધારીએ તો અધર્મના નાશ માટે અને ધર્મની પુનઃ સ્થાપના માટે ઈશ્વરએ મદદ કરી હોઈ શકે! પણ સવાલ એ છે કે દેવના માનસમાં શું માત્ર ધર્મની વૃત્તિ જ હતી? કે પછી પોતાના ભોગ વિલાસ સલામત રહે એ ભાવનું પ્રાધાન્ય હતું! અને એ જ રીતે દાનવ તો જેવા વિકૃત દેખાતા હતા એવી જ વિકૃત માનસિકતા ધરાવતા હતાં. એટલે કે અન્યને હેરાન પરેશાન કરવામાં જ એમને આનંદ આવતો હતો, કે પછી બીજા પાસેથી પોતાની પસંદગીની વસ્તુઓ છીનવી લેવી, અને આસાનીથી ન માને તો હિંસા કરીને પણ એ મેળવી લેવું. એટલે આમ જોઈએ તો અહીં કોઈ પ્રપંચ નથી! પણ સુંદર અને આકર્ષક દેહમાં અંદર એવું ઘણું હતું, જે એમને અંદરોઅંદર પણ વિરોધ કરાવતા! જ્યાં સ્વાર્થ હોય ત્યાં પરમાર્થ કેમ હોય એ પ્રશ્ન પણ ક્યારેક મુંજવણ કરાવે! પણ આ જ ઈશ્વરની માયા છે. પણ મોરલની રીતે જોઈએ તો ખરેખર દેવતા સ્વાર્થી કહેવાય! પોતાના જીવ પર આવે ત્યારે કંઈ પણ કરી શકાય એવી માનસિકતા ખરી! જ્યારે આજે દેવ પણ નહીં અને દાનવ પણ નહીં, અથવા બંને શ્રેણી જે પોતાનામાં સમાવીને બેઠો છે, અને એવો માનવ આજે પણ પોતાનું કામ કઢાવવા દેવ બની જાય છે, અને લાગે કે એ રીતે કામ નહીં થાય ત્યારે જબરદસ્તી કરે છે, એટલે કે દાનવ બની જાય છે. એટલે સીધી રીતે વિચારીએ તો પહેલા શત્રુ બહાર હતો, અને આજે અંદર જ છે! ક્યારે એ કયું સ્વરૂપ ધારણ કરી, પહેલાં ખુદને અને પછી અન્યને છેતરશે એ કહી શકાય નહીં? મારી રીતે તો દેવ દાન કરતાં માનવ શ્રેષ્ઠ છે, અને માનવ બની માનવતાનો સૌથી શ્રેષ્ઠ ધર્મ નિભાવી શકીએ, અને સમગ્ર વિશ્વને વસુધૈવ કુટુંબકમની ભાવનાથી અપનાવી આ પૃથ્વીને સ્વર્ગ બનાવી શકીએ, કુદરત કે પ્રકૃતિ જેવા નિર્મળ અને સુંદર છે, એવી જ રીતે એનું જતન કરીને, સર્વ જીવ સૃષ્ટિની સલામતી માટે વિચારીએ.સૌને દિવાળી કે દેવ દિવાળી જેમ સ્નેહથી સત્કારી શકીએ, અને સૌમાં એજ પરમ કૃપાળુ પરમાત્મા કે જેણે વરદાન આપતી વખતે એ દેવ છે કે દાનવ એવો ભેદ ક્યારેય નથી કર્યો, એના દર્શન કરીએ તો ચોક્કસ સમાજમાં શાંતિ સ્થપાય.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### ચિંતાજનક રીતે વકરી રહ્યુ છે દારૂ ઉપરાંત માદક પદાર્થના સેવન, હેરાફેરીનું દૂષણ

# ખેતર પછી હવે ઘરના ફળીયામાં થયું ગાંજાનું વાવેતર

## કચ્છ એસઓજીએ બાતમી પરથી દરોડો પાડી આડત્રીસ ગાંજાના છોડ કબ્જે કર્યાઃ ઉગાડનારો મોહમ્મદહાજી ભાગી જતાં શોધખોળ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૪

રાજકોટઃ સૌરાષ્ટ્ર કચ્છમાં દારૂ ઉપરાંત માદક પદાર્થના બંધાણીઓ વધી ગયા છે. યુવાનો અને ટીનેજર્સ પણ માદક પદાર્થનો નશો કરવાના રવાડે ચડી ગયા છે. રાજ્યભરમાં આ પ્રકારની નશાખોરીનું દૂષણ વધતુ જઇ રહ્યું છે. તેને ડામવા માટે અવાર-નવાર પોલીસ ડ્રાઇવ યોજે છે અને તેના ફળ સ્વરૂપે કરોડોના માદક દ્રવ્યો ઝડપાય છે, ગુજરાતમાં જ આવા પદાર્થો બનાવતી ફેક્ટરીઓ પણ પકડાય છે. બીજી તરફ ગાંજાના નશાના રવાડે ચડેલા લોકો ગમે તેમ કરીને પોતાનો નશો પોષવા મથતા રહે છે. ઘણીવાર તો ખેડુતો ખેતરમાં જ ગાંજાનું વાવેતર કરી દે છે. ગઇકાલે જ ચોટીલા પંથકના જાનીવડલામાં આવુ વાવેતર એક ખેતરમાંથી એસઓજીએ પકડ્યું હતું. હવે તો એક ભાયડાએ પોતાના ઘરના ફળીયામાં ગાંજો વાવી દીધાનો પર્દાફાશ થયો છે. પોલીસે આવા આડત્રીસ છોડ કબ્જે કર્યા હતાં. જો કે ગાંજાનું વાવેતર કરનારો ઘરે મળ્યો નહોતો.

સુરેન્દ્રનગર એસઓજીએ જાનીવડલામાં ખેતરમાંથી ગાંજાનું વાવેતર પકડી ખેડુતને પકડ્યો હતો. બીજી તરફ હવે કચ્છ એસઓજીએ અંજારના સિનુગ્રાના તળાવ પાસે આવેલા રહેણાક મકાનમાં બાતમી પરથી દરોડો પાડી ઘરના ફળીયામાંથી ગાંજાનું વાવેતર પકડી લેતાં ચકચાર જાગી હતી. મળેલી બાતમીના આધારે પૂર્વ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગૃપની ટીમે દરોડો પાડી ફળિયામાં વાવેતર કરાયેલા રૂ.૧.૫૭ લાખની કિંમતના માદક પદાર્થ ગાંજાના ૩૮ છોડ તેમજ



રૂ.૫,૧૧૦ ની કિંમતનો ૫૫૧ ગ્રામ ગાંજાનો જથ્થો કબ્જે કર્યો હતો પણ આરોપી આ દરોડા દરમિયાન હાજર મળ્યો ન હતો.

આ મામલે એસઓજીએ અંજાર પોલીસ મથકે ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરી હતી.આ બાબતે એસઓજી પોલીસ ઇન્સ્પેક્ટર ડી.ડી.ઝાલાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે પીએસઆઇ વી. પી. આહિરને બાતમી મળી હતી કે અંજારના દેવળીયા નાકે જાગરિયા ફળિયામાં રહેતા મોહમ્મદહાજી મોહમ્મદહુસેન સૈયદે સિનુગ્રાના આંબેડકર તળાવ પાસે આવેલા પોતાના કબજાના મકાનમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કરેલું છે.

આ બાતમીના આરે ઇન્વેસ્ટીગેશન કીટ તૈયાર કરી એફએસએલ અધિકારી વી.કે.રાવલ સાથે સિનુગ્રા પહોંચ્યા ત્યારે અંજાર પોલીસ મથકની ટીમ પણ મળી હતી તેમણે જણાવ્યુ.હતું કે અમે પણ બાતમીના આધારે પહોંચ્યા છીએ પણ મોહમ્મદહાજી ઘરે હાજર નથી.

ત્યારબાદ દરોડો પાડી તે રહેણાક મકાનમાં દરોડો પાડી તલાશી લેતાં ફળિયામાં વાવેતર કરેલા રૂ.૧,૫૭,૦૦૦ ની કિંમતના ગાંજાના ૩૮ છોડ તેમજ થેલીમાં રાખેલો રૂ.૫,૧૧૦ ની કિંમતનો ૫૫૧ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતાં વજન કાંટા સહિત કુલ રૂ.૧,૬૩,૫૧૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો પરંતુ દરોડા દરમિયાન આરોપી હાજર મળ્યો ન હતો. એસઓજીએ ગાંજાનો વાવેતર અને વેપલો કરનાર અંજારના મોહમ્મદ હાજી મોહમ્મદહુસેન સૈયદ સામે ગુનો નોંધાવી કાયદેસર કાર્યવાહી કરી હતી. અંજાર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

આમ હવે ખેતર બાદ ઘરના ફળીયાઓમાં પણ ગાંજાના વાવેતર થવા માંડ્યા છે.



# રાજકોટમાં સાંઢીયા પુલને તોડવાનું કામ ગોકળગાય ગતિએ

## ટ્રાફિક ડાયવર્ટની સમસ્યા બની વિકરાળ : એજન્સીને ઝડપભેર કામ કરવા મનપાનો આદેશ

રાજકોટ, તા. ૧૪

સાંઢીયા પુલનું કામ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યું છે પરંતુ એનકેન પ્રકારે જે ગતિ પકડાવી જોઈએ તે પકડાતી નથી ત્યારે આ સાંઢીયા પુલને તોડવાનું કામ હજુ ચાલી રહ્યું છે ત્યારે હોસ્પિટલ ચોક થી બ્રિજ તરફનો ભાગ તોડવામાં હજુ એક માસ જેટલો સમય નીકળી જાય તેવું હાલ ચર્ચા રહ્યું છે તો બીજી તરફ જે ટ્રાફિક ભોમેશ્વર તરફથી ડાયવર્ટ કરવામાં આવ્યો છે તે પરિસ્થિતિ અત્યંત વિકટ બની ગઈ છે આ વાતની ગંભીર તારે ધ્યાને લઈ એજન્સીને ઝડપભેર કામગીરી પૂર્ણ કરવા માટે જણાવવામાં આવ્યું છે પરંતુ હજુ બ્રિજ તોડવાનું કામ એક માસ જેટલો ચાલે તો નવાઈ નહીં.

રેલનગર તરફના જુના પુલના છેડે તો ડાયમંડ કટરથી બ્રીજ તોડીને પાયા સહિતના કામ થઇ રહ્યા છે. એકંદરે ૭૦ ટકા જેટલું બ્રીજ તોડવાનું કામ પૂર્ણ થયું છે. પરંતુ બ્રિજની વચ્ચેનો ભાગ હજુ સુધી તોડવામાં આવ્યો નથી જેને લઈને અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. રેલવે દ્વારા જે સૂચનાઓ મળી છે તેને ધ્યાને લઈ તેવા સ્પષ્ટ થઈ છે કે જ્યાં સુધી સ્લોટ ના મળે ત્યાં સુધી તેઓ તે ભાગને તોડી શકે નહીં જેને લઈને કોન્ટ્રાક્ટરને ગણી હેરાનગતિનો સામનો પણ કરવો પડી રહ્યો છે.

મહાપાલિકા દ્વારા શહેરના જામનગર રોડ ઉપરનો ૫૦ વર્ષથી વધુ જુનો સાંઢીયો પુલ તોડી તેના સ્થાને નવો ફોર લેન ઓવરબ્રિજ નિર્માણ કરવામાં આવી રહ્યો છે. હાલ સાંઢીયો પુલ તોડવાની કામગીરી ચાલી રહી છે જે અંતર્ગત બ્રિજનો રેલવે ટ્રેકની બરાબર ઉપરનો મધ્ય હિસ્સો ડાયમંડ કટરથી તોડવાનું ચાલુ છે. આજની સ્થિતિએ જુના પુલનો ૭૦ ટકા હિસ્સો તોડી પડાયો છે અને હવે બાકી રહેતો ૩૦ ટકા હિસ્સો તોડવામાં મહાપાલિકા તંત્રને હજુ ૩૦ દિવસ લાગે તેમ છે. સાંઢીયા પુલના સ્થાને નિર્માણ થનારા ફોર લેન બ્રિજની કુલ લંબાઇ ૬૦૨.૯૦ મીટર તથા કુલ પહોળાઇ ૧૬.૪૦ મીટર થશે. જેમા બન્ને તરફ ૭.૫૦ મીટર પહોળાઇના કેરેજ વે બનશે અને સેન્ટ્રલ મિડિયમની પહોળાઇ ૦.૫૦ મીટર રહેશે. નવા બ્રિજ નિર્માણનો કુલ ખર્ચ રૂ.૭૫ કરોડથી વધુ થશે. સાંઢિયો પુલ તોડવાની કામગીરી ગોકળ ગાયની ગતિએ ચાલી રહી હોય.

ભોમેશ્વર અને બજરંગવાડી સહિતના વિસ્તારમાં સાંઢીયા પુલના કામથી ભોમેશ્વર ફાટકથી ડાયવર્ઝન આપવામાં આવ્યું હોય ભોમેશ્વરથી બજરંગવાડી તરફના વિસ્તારમાં પિક અવર્સમાં ટ્રાફિક જામની સમસ્યાથી વાહનચાલકો તેમજ વિસ્તારવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે, હજુ આ બ્રિજ પ્રોજેક્ટનું નિર્માણ કાર્ય શરૂ થયું છે ત્યારે બાંધકામ સમયસર શરૂ થાય તે બાદ પણ પુલ નિર્માણમાં બેક વર્ષ લાગી જાય તેમ છે.

# રાજકોટ કલેક્ટરને ગાંધીનગરનું તેડું

## પડતર કોર્ટ કેસ અંગે રેવન્યુ સચિવ સાથે બેઠક : અનેક તર્ક વિતર્ક

રાજકોટ, તા. ૧૪

ગઈકાલે રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે ૩૦ જેટલા અપીલ બોર્ડના કહેશો મૂકવામાં આવ્યા હતા પરંતુ રેવન્યુ સચિવ એ તાકીદે કલેક્ટરને ગાંધીનગર બોલાવતા બોર્ડ મુલતવી રાખવામાં આવ્યું હતું ત્યારે આ અંગે અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. મળતી માહિતી મુજબ કોર્ટમાં જે પડતર કેસો છે તેને ઝડપભેર નિવારવા માટે હાલ મહેસુલ સચિવ દ્વારા તાકીદ કરવામાં આવી હોવાનું આવી રહ્યું છે સામે.



રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી ગઈકાલે એકાએક ગાંધીનગર દોડી જતા કલેકટર કચેરીમાં આજે આયોજિત કરાયેલ અપીલના કેસોનું બોર્ડ રદ્દ કરવામાં આવેલ હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે કલેકટર પ્રભવ જોશી દ્વારા કલેકટર કચેરીમાં દર ગુરૂવારે આયોજિત કરાતા અપીલના બોર્ડમાં ગઈકાલે ૩૦ જેટલા કેસો સુનાવણી માટે મૂકવામાં આવેલ હતા. પરંતુ જિલ્લા કલેકટર પ્રભવ જોશીને ગઈકાલે ગાંધીનગર જવાનું થતા કલેકટર કચેરીમાં આયોજિત કરાયેલ આજનું અપીલનું બોર્ડ રદ્દ કરવામાં આવેલ હતું. આજના કેસો હવે આવતા ગુરૂવારના અપીલના બોર્ડમાં ચલાવવામાં આવશે.

સુત્રોના જણાવ્યા અનુસાર કલેકટર કચેરીને લાગી પડતા પેન્ડીંગ કોર્ટ કેસ અંગે રાજય સરકારના મહેસુલ વિભાગના કેબીનેટ સેક્રેટરી દ્વારા તેઓને બોલાવવામાં આવેલ હોય બન્ને વચ્ચે ગાંધીનગરમાં બેઠક યોજાયાનું જાણવા મળ્યું છે.

### ૪થી ફેબ્રુઆરીના રોજ યોજાનાર સમુહલગ્નમાં જોડાવા અનુરોધ

# ભરવાડ સમાજના ૨૭માં લગ્નોત્સવમાં જોડાશે ૧૦૦ દીકરી

રાજકોટ મિરર, તા.૧૪

રાજકોટમાં છેલ્લા ૨૭ વર્ષથી ભરવાડ સમાજના સમુહ લગ્ન યોજાઇ છે. અત્યાર સુધીમાં ૨૫૦૦ થી વધુ દિકરીઓ સમુહલગ્નમાં જોડાઇને પોતાનો ગૃહસંસાર સુખ-રૂપ રીતે નિભાવી રહી છે. શ્રી ગોપાલક સમુહલગ્ન સમિતી આયોજીત ૨૭મો સમુહલગ્નોત્સવ આગામી તા.૪-૨-૨૦૨૫, મંગળવારના રોજ રાજકોટ ખાતે યોજાશે જેમા ૧૦૦ દિકરીઓ પ્રભુતામા પગલા માંડશે. આ પ્રસંગે ભરવાડ સમાજના ધર્મગુરૂ ધનશ્યામપુરી બાપુ સહિતના સંતો-મહંતો અને સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી દિકરીઓને આશીર્વચન પાઠવશે.



સમુહલગ્નની વ્યવસ્થાના ભાગ રૂપે સમુહલગ્ન સમિતિના પ્રમુખ તરીકે લીંબાભાઇ માટીયા, ઉપ-પ્રમુખ તરીકે રાજુભાઇ જુંજા, મહામંત્રી તરીકે ગોપાલભાઇ સરસીયા અને ખજાનચી તરીકે પરેશભાઇ સોરીયાની વરણી કરવામા આવી છે. આ સમુહલગ્નમા દિકરીઓને સોના-ચાંદીની વસ્તુઓ ઉપરાંતજીવન જરૂરી ઘર વખરીનો તમામ માલ-સામાન કરીયાવરમા આપવામા આવશે. આ વખતના ભોજન ખર્ચના દાતા રાજુભાઇ મેવાડા પરિવાર છે સમુહલગ્નમા ૨૦,૦૦૦ થી વધુ ભાઇઓ-બહેનો ભોજન-પ્રસાદનો લાભ લેશે.

સમુહલગ્ન બાબતે સમાજમાં આવેલી જાગૃતિના પગલે દર વર્ષ રાજકોટ, વાંકાનેર, નિકાવા, પડધરી,ખારવા, જોડીયા, જામનગર, ખંભાળીયા, લાલપુર, કડુકા, સાવરકુંડલા, વિગેરે સ્થળે સમુહ લગ્ન યોજાય છે. જેમા દર વર્ષે ૧૨૦૦ થી વધુ દિકરા-દિકરીઓ જોડાય છે આ સમુહલગ્નમા જોડાવા ઇચ્છતા દિકરાઓની ઉમર ૨૧ વર્ષ અને દિકરીઓની ઉમર ૧૮ વર્ષ પુરી હોવી જરૂરી છે. સમાજના નિયમ મુજબ દિકરીઓનુ આણું સાથે વાળવાનું રહેશે તેમજ દાગીનાની લેતી-દેતી પણ ૮ થી ૧૦ તોલાની કરવાની રહેશે.

આ સમુહ લગ્નને સફળ બનાવવા ગોપાલક સમુહલગ્ન સમિતિના પ્રમુખ લીંબાભાઇ ખેંગારભાઇ માટીયા, ઉપ-પ્રમુખ રાજુભાઇ નોંધાભાઇ જુંજા, મહામંત્રી ગોપાલભાઇ મનુભાઇ સરસીયા, ખજાનચી પરેશભાઇ લખમણભાઇ સોરીયા, હિરાભાઇ ઉકાભાઇ બાંભવા, ભીખાભાઇ લક્ષ્મણભાઇ પડસારીયા, નારણભાઇ ચનાભાઇ ટારીયા, હરીભાઇ ગોકળભાઇ માટીયા, નાગજીભાઇ જીણાભાઇ ગોલતર, બીજલભાઇ રામજીભાઇ ટારીયા, નારણભાઇ માંડણભાઇ વકાતર, રમેશભાઇ તેજાભાઇ જુંજા, મનુભાઇ બચુભાઇ બાંભવા, ધીરજભાઇ અરજણભાઇ મુંધવા, વાઘજીભાઇ રવજીભાઇ બાંભવા, રામભાઇ દેવાભાઇ ખીંટ, મેહુલભાઇ ભરતભાઇ ગમારા, રમેશભાઇ દિનેશભાઇ ટોળીયા, જીવણભાઇ દેવાભાઇ માટીયા અને રઘુભાઇ કાળાભાઇ મેવાડા વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

### આ માધ્યમમા રોકાણ કરી સાચ્ચા રસ્તે કમાણી કરવી ખોટુ નથી, પણ ઉતાવળ ક્યારેક આપે છે મોટી પછડાટ

# શેર બજારમાં ડૂકી જતાં યુવાન હિમ્મત હાર્યોઃ જિંદગી તરછોડી

## સિતારામ સોસાયટીના અટ્ઠાવીસ વર્ષના હીરાઘસુ યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરતાં પરિવારમાં ગમગીનીઃ માતા-પિતા-કાકા ચોટીલાથી દર્શન કરીને આવ્યા ત્યારે તે લટકતો મળ્યો

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૪

રાજકોટઃ આજના યુગમાં લોકો ઝડપથી પૈસાદાર થવા માટે અનેક રસ્તાઓ અપનાવતા હોય છે, જેમાં અુમકના રસ્તા સાચ્ચા અને ઇમાનદારીવાળા હોય છે તો અમુક અવળા રસ્તે ચડી જતાં હોય છે. હાલના સમયમાં શેર બજારમાં કાયદેસરનું રોકાણ કરી, અલગ અલગ આઇપીઓ ભરીને કમાણી કરવાનું ચલણ ખાસ કરીને યુવાનોમાં વધી ગયું છે. પરંતુ આ ચલણ જો આદત બની જાય અને સમજ્યા વિચાર્યા વગર આડેધડ રોકાણ કરવામાં આવે કે પછી મોટી સંખ્યામાં ગમે તે શેરની જથ્થાબંધ ખરીદી કરી લેવામાં આવે અને તેના ભાવ રાતોરાત ઘટી જાય તો રોકાણકારને રાતે પાણીએ રોવુ પડતું હોય છે. આવા કારણોસર ઘણીવાર નાણા ગુમાવનારા લોકો ટૂંકો માર્ગ અપનાવી આપઘાત કરવા માટે પણ મજબૂર થઇ જતાં હોય છે. રાજકોટ શહેરમાં આવી જ એક લાલબત્તી સમાન ઘટના સામે આવી છે જેમાં શેર બજારમાં નાણા ગુમાવતાં, ખોટ જતાં આશાસ્પદ યુવાને પોતાની જિંદગી ટૂંકાવી લીધી છે.

દેશભરમાં હાલમાં શેર બજારમાં નાણા રોકવાનું અને કમાણી કરવાના ખુબ મોટી સંખ્યામાં વધી ગયા છે. મોબાઇલ ફોનમાં જ અલગ અલગ એપ્લીકેશનનો ઉપયોગ કરી લોકો શેર બજારમાં ટ્રેડીંગ કરવા માંડ્યા છે. સાચ્ચી રીતે અને સમજીને આ પ્રકારે કરવામાં આવતુ. રોકાણ ઘણીવાર જે તે રોકાણકારને માલદાર પણ બનાવી શકે છે. પરંતુ અહિ ઘણીવાર લોકો દ્વારા ઉતાવળે કે પછી લાલચમાં આવીને કરવામાં આવતું રોકાણ તેને લઇ ડુબતું હોય છે. ખાસ કરીને યુવાનોમાં શેર બજારમાં રોકાણ



કરવાનું વળગણ વધી ગયું છે. પરંતુ અહિ જો સાવચેતી રાખવામાં ન આવે તો જોખમ ઉભુ થતું હોય છે. શહેરના કોઠારીયા સોલવન્ટ પાસે રહેતાં એક યુવાને શેર બજારમાં ખોટ જવાથી આત્મહત્યા કરીલીધી હતી. ચોટીલા દર્શન કરીને પોતાના ઘરે આવેલા માતા, પિતા અને કાકાએ યુવાન આશાસ્પદ દિકરાને લટકતો જોયો હતો, તેને તુરત સારવાર માટે ખસેડ્યો હતો. પરંતુ ત્યારે ખુબ મોડુ થઇ ગયું હતું.

લાલબત્તી સમાન એવી આ કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ પાસે સિતારામ સોસાયટી-૨માં રહેતાં અઠ્ઠાવીસ વર્ષના અમિતભાઇ મુકેશભાઇ ભટ્ટી નામના યુવાને પંખામાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ બનાવ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, જયદિપસિંહ જાડેજા, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચ, ધર્મેન્દ્રભાઇ હુદડે જાણ કરતાં આજીડેમ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર યુવાન અમિતભાઇ બે ભાઇ અને એક બહેનમાં વચેટ તથા કુંવારો હતો. તે હીરા ઘસવાનું કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો.

આ ઘટનાની વિગતો જણાવતાં મૃતક અમિતભાઇના કાકા અશોકભાઇ ભટ્ટીએ કહ્યું હતું કે અમિતભાઇ શેર બજારમાં ખોટ જવાને કારણે કદાચ ટેન્શનમાં હતો, બીજી કોઇ તકલીફ તેને નહોતી. તેના માતા, પિતા, હું તથા એક મહેમાન એમ બધા ગઇકાલે ચોટીલા દર્શન કરવા ગયા હતાં. પરત ઘરે આવ્યા ત્યારે અમિત દરવાજો ખોલતો ન હોઇ પાટા મારી તોડીને જોતાં તે લટકતો મળ્યો હતો. થોડો ભાનમાં હોઇ તુરત જ અમે હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પરંતુ જીવ બચ્યો નહોતો. યુવાન દિકરાના આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. શેર બજારમાં નાણાનું રોકાણ કરી કમાણી કરવી એમાં ખોટુ નથી. પરંતુ જાણકારો નિષ્ણાંતો પાસેથી સાચ્ચી માહિતી મેળવી પછી જ આ પ્રકારના રોકાણો કરવા અને પછેડી હોય એવડી જ સોડ તાણવા આ ઘટના ચેતવી રહી છે. આંધળુકીયા કરનારા રોકાણકારોને પછી ઘણીવાર પછતાવો કરવો પડતો હોય છે.

### એવુ કહેવાય છે કે રૂપિયા કરે એવુ કોઇ ન કરેઃ નાણાને માટે વધુ એક ડખ્ખો

# દોસ્ત દોસ્ત ના રહાઃ યુવાનને મિત્રોએ રૂપિયા માટે છરીના ઘા ઝીંકી દવાખાના ભેગો કર્યો

## ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં જસદણના યુવાનને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૪

રાજકોટઃ જર જમીન ને જોરૂ ત્રણેય કજીયાના છોરૂ, રૂપિયા કરે એવુ કોઇ ન કરે...આ પ્રકારની વાતો ઘણીવાર જાહેર જીવનમાં સાચી ઠરતી હોય છે. ગમે તેવી દોસ્તી હોય પણ જો તેમાં રૂપિયાના મામલે વાત કઠોળે ચડે તો દોસ્તી દુશ્મનીમાં પલટાઇ જાય છે અને ઘણીવાર એક દોસ્ત બીજા દોસ્ત માટે જીવલેણ પણ બની જાય છે. રૂપિયાની લેતીદેતીના ડખ્ખામાં વધુ એક વખત દોસ્તી લોહીલુહાણ બની હતી. જેમાં એક યુવાનને તેના જ મિત્રોએ આડેધડ છરીના ઘા ઝીંકી દેતાં તે દવાખાના ભેગો થઇ ગયો હતો. ગંભીર ઈજાઓ પહોંચી હોઇ પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો જસદણમાં રહેતાં અને ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવતાં બત્રીસ વર્ષના યુવાનને તેના જ મિત્રોએ વાત કરવાના બહાને બોલાવી છરીના ઘા ઝીંકી દઇ ગંભીર ઈજાઓ પહોંચાડતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો છે. આ યુવાને મિત્ર પાસેથી ઉછીના નાણા લીધા હોઇ તેની ઉઘરાણી મામલે આ ડખ્ખો થયાનું જણાવવામાં આવ્યું હતું. વધુ માહિતી અનુસાર જસદણમાં બાયપાસ પર આવેલા ધરતી હાઇટ્સ એપાર્ટમેન્ટમાં રહેતાં બત્રીસ વર્ષના વિરાજ કિશોરભાઇ ચાવડા નામના



યુવાનને તેના ઘર નજીક તેના જ મિત્ર રાહુલ કોળી તેમજ સાથેના સુનિલ અને નરેશે છરીના ઘા ઝીંકી દઇ પડખા, છાતી, પેટમાં ગંભીર ઈજા પહોંચાડતાં જસદણ ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાવી રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ ઘટનાની નોંધ કરી સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના રામશીભાઇ વરૂ, જયદિપસિંહ જાડેજા, ધર્મેન્દ્રભાઇ હુદડ, ભાવેશભાઇ મકવાણા, તૌફિકભાઇ જુણાચે જસદણ પોલીસને જાણ કરી હતી. હુમલામાં ગંભીર ઈજા પામનારો વિરાજ બે ભાઇ અને એક બહેનમાં નાનો છે અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. તેના લગ્ન થયા નથી. તેણે કહ્યું હતું કે થોડા સમય પહેલા અલગ અલગ કામ માટે રૂપિયાની જરૂર હોવાથી મેં મિત્ર રાહુલ પાસેથી કટકે કટકે સિત્તેર હજાર લીધા હતાં. આ રકમ મારે તેને પાછી આપવાની હતી. પણ હાલમાં મારી પાસે વ્યવસ્થા નહોતી. દરમિયાન તેણે મને વાત કરવાના બહાને ઘર પાસે બોલાવી રૂપિયા અત્યારે જ આપી દે તેમ કહી ઉઘરાણી કરી ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો અને બાદમાં સાથેના સુનિલ, નરેશ સાથે મળી છરીથી હુમલો કર્યો હતો. આમ વધુ એક વખત રૂપિયાને કારણે દોસ્તીમાં ડખ્ખો થયો હતો અને વાત ગંભીર બની ગઇ હતી. જસદણ પોલીસે એફઆઇઆર દાખલ કરવા તજવીજ શરૂ કરી હતી.




# સંગઠન પર્વ અંતર્ગત લોધિકા ભાજપ દ્વારા યોજાઈ કાર્યશાળા

રાજકોટ મિરર, તા.૧૪

ખીરસરા(રણમલ) લોધિકા તાલુકા ભાજપ દ્વારા સંગઠન પર્વ ૨૦૨૪ અંતર્ગત બુથ સમિતિની રચના માટેની કાર્યશાળા મેટોડા ડેકોરા ભવન ખાતે યોજાઇ હતી.

જેમાં રાજકોટ જીલ્લા સહ ચુંટણી ડો. દિપકભાઈ પીપળીયા, રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિહ જાડેજા, તાલુકા ભાજપ પ્રભારી રાજેશભાઈ ધારૈયા, તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયત પ્રમુખ, જીલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, લોધીકા ભાજપ મંડલના વિવિધ મોરચાના પ્રમુખો, મહામંત્રીઓ, ઉપપ્રમુખો, ભાજપના સક્રિય સભ્યો, અપેક્ષીતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યશાળામાં ચુંટણી સહ ઇન્ચાર્જ ડો. પીપળીયા, રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી જાડેજા દ્વારા કાર્યકરોને જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

**(ફોટોઃ ભીખુપરી ગોસાઈ )**

# વેપારીના નવા બનતા મકાનમાંથી ૮૦ હજારનો વાયર ચોરી જતા તસ્કરો

## ટાગોર રોડ પરની LIC સોસાયટીનો બનાવ સીસીટીવી ફુટેઝના આધારે તપાસ શરુ

રાજકોટ મિરર, તા.૧૪

ટાગોર રોડ ઉપરની એલઆઈસી સોસાયટીમાં નવા બંધાતા મકાનમાં પડેલા રૂ. ૮૦ હજારના ઇલેક્ટ્રિક વાયરોના બંડલો ચોરાઈ જતા માલવિયાનગર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.



મળતી વિગતો મુજબ એલઆઇસી ઓફીસ પાસે આવેલી જનતા સોસાયટીમાં રહેતા ધર્મેશભાઇ મોહનભાઇ ડોબરીયા (ઉ.વ. ૪૬) એ પોતાની ફરીયાદમાં જણાવ્યુ હતું કે તેઓ પિતરાઇ ભાઇ પિયુષભાઇ જેન્તીભાઇ ડોબરીયા એમ બંને કોઠારીયા બાયપાસ રીંગ રોડ પાસે જયંત ફુડ પ્રોડકટ નામનું મેન્યુફેકચરીંગ કરી વેપાર કરે છે.

ગઇ તા. ૯ ના રોજ સવારના સમયે પિયુષનો ફોન આવ્યો હતો અને તેમણે ધર્મેશભાઇને જણાવ્યુ હતું કે પોતાનું એલઆઇસી સોસાયટી શેરી નં ૨ માં બની રહેલા નવા મકાનના બાથરૂમમાં રાખેલુ વાયરીંગ ત્યા વાયરીંગનું કામ કરવા આવેલા માણસોને મળતુ નથી અને પોતે લખનઉ ખાતે હોવાનુ જણાવી ધર્મેશભાઇને નવા બની રહેલા મકાનમાં જોવા મોકલ્યા હતા. ત્યારબાદ ધર્મેશભાઇ પિયુષભાઇના નવા બની રહેલા મકાને પહોંચતા જાણવા મળ્યુ હતું કે પિયુષભાઇએ મકાનના બાથરૂમમાં રાખેલા રૂા. ૮૦ હજારના વાયરના બંડલ કોઇ અજાણ્યા તસ્કરો ચોરી ગયા હોવાનું જાણવા મળ્યુ હતું ત્યારબાદ આ ઘટના અંગે માલવિયાનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેઝના આધારે તપાસ શરૂ કરી છે. તેમજ પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યુ હતું કે દિવાળીના તહેવારમાં તસ્કરોએ ચોરી કરી હોવાનું પ્રાથમીક તપાસમાં જાણવા મળી રહયું છે.

### શુભ લગ્ન

## વડ વાજડીના સરપંચ મહેન્દ્રસિંહ ડાભીના સુપુત્રી ચિ. બિનલબાના રવિવારે શુભલગ્ન

**રાજકોટ મિરર : ખીરસરા(રણમલ) :** વડ વાજડીના સરપંચ મહેન્દ્રસિંહ ડાભીના સુપુત્રી ચિ.બિનલબા ડાભીના શુભલગ્ન મૂળ મોજ ખીજડીયા હાલ રાજકોટ નિવાસી અભયસિંહ પથુભા ચૌહાણના પુત્ર ચિ. હાર્દિકસિંહ સાથે તા.૧૭.૧૧.૨૦૨૪ ને રવિવારે સાંજે નિર્ધાર્યા છે. શુભ પ્રસંગે નવ દંપતિને આશિર્વાદ આપવા સર્વે આમંત્રિત મહેમાનોને પધારવા મહેન્દ્રસિંહ ડાભીનો અનુરોધ છે. શુભ પ્રસંગોમાં ૧૫ના રોજ બપોરે ૪ કલાકે સાંજી, તા.૧૬ના સવારે ૯ કલાકે મંડપ મૂહુર્ત, સાજે ૪ કલાકે મામેરા, તેમજ સંગીત સંધ્યા સાંજે ૯ કલાકે, તા.૧૭ના સાંજે ૪ કલાકે જાન આગમન સાંજે ૭/30 કલાકે હસ્ત મેળાપ છે.



## અણીયારાના સુરેશસિંહ જાદવના સુપુત્રી ચિ. રેવતીબા જાદવના રવિવારે શુભલગ્ન

**રાજકોટ મિરર :** અણીયારા(તા. રાજકોટ)નિવાસી સુરેશસિંહ ચનાભા જાદવની સુપુત્રી ચિ. રેવતીબા(વિધીબા)ના શુભલગ્ન બળોલ(ભાલ) નિવાસી જયંતીભા વાલજીભા સોલંકીના પુત્ર ચિ.વિજયરાજસિંહ સાથે તા.૧૭ ને રવિવારે નિર્ધાર્યા છે. શુભ પ્રસંગોમાં તા. ૧૫ના સાંજે ૪ વાગ્યે સાંજીના ગીત, તા.૧૬ના સવારે ૭-30 વાગ્યે મંડપ મુહુર્ત, રાત્રીના ૮ વાગ્યે દાંડિયા રાસ, તા.૧૭ ના બપોરે ત્રણ વાગ્યે જાન આગમન, ૬ વાગ્યે હસ્તમેળાપ છે. શુભલગ્નમાં નવદંપતીને આશીર્વાર અર્પવા સવે આમાંત્રિત મહેમાનોને પધારવા સુરેશસિંહ જાદવ પરિવારનો અનુરોધ છે.

### પતિ સાથે તલ્લાક લીધા ત્યારે કુટુંબી જેઠે નિકાહનો પ્રસ્તાવ મુક્યો હતો, પણ તે આગલા સંતાનોને સ્વીકારવા તૈયાર ન હોઇ મહિલાએ ના પાડતાં માથાકુટ ચાલતી હતી

# ત્યકતાને પુર્વ જેઠના દિકરા-જમાઈએ છરીના ઘા ઝીંક્યાઃ ખૂનની કોશિષ

## કુવાડવા રોડ શહિદ ઉધમસિંહ ટાઉનશીપમાં મોડી રાતે ઘટનાઃ ભાણેજે માસીએ લોહીલુહાણ હાલતમાં જે વિગતો જણાવી તેનો વિડીયો બનાવી પોલીસને જાણ કરીઃ બી-ડિવીઝન પોલીસે ગુનો નોંધ્યોઃ પુર્વ જેઠ મહેબૂબના પુત્ર ટીપુ અને જમાઇ સોહિલની શોધખોળ

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૪

રાજકોટઃ શહેરમાં અલગ અલગ કારણોસર લોકો લોહીના તરસ્યા બની એક બીજા પર હુમલાઓ કરતાં હોય છે. ઘણીવાર આ પ્રકારના હુમલામાં ઘાયલ વ્યક્તિનું મોત પણ થઈ જાય છે, તો ઘણીવાર હાલત ગંભીર બની જાય છે. આવો વધુ એક બનાવ કુવાડવા રોડ પર ડી માર્ટ પાછળ એંસી ફુટ રોડ શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં બન્યો છે. પતિથી તલ્લાક લઇ ત્રણ સંતાનો સાથે રહેતી ત્યકતા એવી મુસ્લિમ મહિલા પર મોડી રાતે રામનાથપરામાં રહેતાં તેના પુર્વ કુટુંબી જેઠના પુત્ર, જમાઇ સહિત ત્રણે છરી કે તિક્ષ્ણ હથીયારથી હુમલો કરી આડેધડ પેટ-છાતીમાં ઘા મારી દેતાં તેણી ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. તલ્લાક થયા બાદ કુટુંબી જેઠે પોતાને નિકાહ કરવા છે તેમ કહેતાં તેણીએ પોતાના સંતાનોને અપનાવવાની શરત મુકી હતી. પણ જેઠે ના પાડી દેતાં નિકાહ ન થતાં માથાકુટ ચાલતી હતી.

વધુ વિગતો પર નજર કરીએ તો પતિથી છુટુ થયા પછી ત્રણ સંતાન સાથે રહેતી મુસ્લિમ મહિલાને રાતે સાડા બારેક વાગ્યે રામનાથપરામાં રહેતાં તેના પુર્વ કુટુંબી જેઠના છોકરા અને જમાઇએ ફોન કરી દરવાજો ખોલાવ્યો હતો અને એક જણાએ પકડી રાખી બીજા બે જણાએ છરીથી તૂટી પડી ઘા ઝીંકી દીધા હતાં. હત્યાની આ કોશિષના બનાવમાંબી-ડિવીઝન પોલીસે હુમલામાં ઘવાયલા પાંત્રીસ વર્ષના રેશ્માબેન યુનુસભાઇ બેલીમના રિક્ષાચાલક ભાણેજ ૮૦ ફુટ રોડ શહીદ ઉધમસિંહ ટાઉનશીપ બ્લોક નં. એફ-૬૦૩માં રહેતાં શોયેબ બોદુભાઇ સોલંકીની ફરિયાદ પરથી રામનાથપરામાં રહેતાં મહેબુબભાઇના દિકરા ટીપુ તથા મહેબુબભાઇના જમાઇ સાહીલ અને એક અજાણ્યા વિરૂધ્ધ બીએનએસની કલમો હેઠળ હત્યાની કોશિષનો ગુનો નોંધી તેને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી હતી.

ઘાયલ થયેલા મહિલા જીવન મરણ વચ્ચે ઝોલા ખાઇ રહ્યા છે. તેના ભાણેજ શોયેબ સોલંકીએ જણાવ્યું હતું કે હું પરિવાર સાથે રહી રિક્ષા હંકારી ગુજરાન ચલાવુ છું. મારા માતા અને પિતા મારી સાથે જ રહે છે. હું શહીદ ઉધમસિંહ ટાઉનશીપમાં એફ-૬૦૩માં રહુ છું અને મારા ઉપરના માળે મારા કુટુંબી માસી રેશ્માબેન યુનુસભાઇ બેલીમ





(ઉ.વ.૩૫) પોતાની બે દિકરીઓ અને દિકરા સાથે રહે છે. જે સોળ, બાર અને આઠ વર્ષના છે. રેશ્માબેન નવાગામમાં આવેલી યુનિક ફોમ નામની ગાદલા બનાવવાની કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરી ગુજરાન ચલાવે છે. મારા માસી રેશ્માબેનના લગ્ન ૨૦૦૫માં થયા હતાં, પણ દોઢેક વર્ષ બાદ પતિ આરીફભાઇ સમા સાથે છુટુ થઇ ગયું હતું. હાલમાં તેમના પતિ આરીફભાઇ રામનાથપરામાં અલગ રહે છે. અગાઉ મારા માસી રેશ્માબેન રામનાથપરામાં પતિ સાથે હુશેની ચોક અલકાબા મસ્જીદ સામે રહેતાં હતાં.

તે વખતે કૌટુંબીક જેઠ મહેબુબભાઇ સમા તેમના પડોશમાં જ રહેતાં હતાં. મારા માસીને તેના પતિ સાથે છુટુ થયું પછી કુટુંબી જેઠ મહેબુબને તેણી સાથે નીકાહ કરવા હતાં.

પરંતુ મહેબુબભાઇ મારા માસીના સંતાનોને સ્વીકારવા તૈયાર ન હોઇ જેથી માસીએ નિકાહની ના કહી દેતાં તેના અને મહેબુબભાઇ વચ્ચે અવાર-નવાર ઝઘડા થતા હતાં. આ કારણે મારા માસીએ તેની સાથે નિકાહ નહી કરવાનો નિર્ણય કરી લીધો હતો. જેથી મહેબુબભાઇ મારા માસીને અવાર-નવાર ખાર રાખી ધમકીઓ દઇ નિકાહ કરવા દબાણ કરતાં હતાં.

સોયેબે વધુમાં જણાવ્યું હતું કે આજથી વિસેક દિવસ પહેલા મારા માસી રામનાથપરાના ઘરે ગયા ત્યારે પણ તેના જેઠ સાથે મોટો ઝઘડો થયો હતો. તે વાત મારા માસીએ મને કરી હતી.

આ દરમિયાન બુધવારે ચૌદમી તારીખની રાતે સાડા બારેક વાગ્યે હું ઘરે હતો અને સુવાની તૈયારી કરી રહ્યો હતો ત્યારે મારા ઘરની લોબીમાં બૂમાબૂમ થતી હોઇ હું બહાર જોવા જતાં ટોળુ ભેગુ થયેલુ હતું. મારા માસીના ઘરની બહાર આ લોકો ઉભા હતાં. હું ત્યાં જતાં મારા માસી લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાયેલા પડ્યા હતાં.

આજુબાજુમાં લોહીના ખાબોચીયા ભરાઇ ગયા હતાં. માસી કણસતાં હતાં અને કંઇક કહેવાનો પ્રયાસ કરતાં હતાં. મેં શું બનાવ બન્યો છે? તેમ પુછતાં તેણે કહેલુ કે-મહેબૂબનો દિકરો ટીપુ અને તેનો જમાઇ સોહીલ અને અજાણ્યો હતાં, એટલુ તે બોલ્યા હતાં. તેની વિડીયોગ્રાફી પણ મેં કરી હતી. કોઇએ ૧૦૮ને જાણ કરી હોઇ ગાડી આવી જતાં અમે માસીને સિવિલ હોસ્પિટલે ખસેડ્યા હતાં.

અમે રસ્તામાં ૧૦૮માં હોસ્પિટલે જઇ રહ્યા હતાં ત્યારે પણ મેં મારા માસીને ફરીથી પુછતાં તેણે કહેલું કે અજાણ્યા શખ્સે મને પકડી રાખી હતી અને મહેબુબના દિકરા ટીપુ તથા જમાઇ સોહીલે છરીના ઘા પેટ, છાતીના ભાગે માર્યા હતાં. આ બંનેને મારા માસી સાથે શું દુશ્મનાવટ છે તેની મને ખબર નથી. માસીને તેના કુટુંબી જેઠ મહેબુબ સાથે માથાકુટ હતી તે ખબર છે. ડોક્ટરે તપાસ કરતાં મારા માસીને કોઇ ધારદાર હથીયારથી ડાબા હાથની કોણી નીચે એક ઘા, પેટના ભાગે બે ઘા અને છાતીના ભાગે એક ઘા મારી દેવાયાનું જણાયું હતુ. તેમની હાલત નાજુક છે. બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણે, રાઇટર હીરાભાઇ રબારીએ હત્યાની કોશિષનો ગુનો દાખલ કરી આરોપીઓને પકડી લેવા દોડધામ આદરી હતી. શોયેબે વધુમાં જણાવ્યું હતું કે રાતે માસી રેશ્માબેનનો ઘરનો દરવાજો બંધ હતો.

હુમલાખોરે ત્યાં પહોંચી ફોન કરી દરવાજો ખોલાવ્યો હતો અને ઓચીંતો જ હુમલો કરી દીધો હતો. હુમલો કયા કારણે થયો? તે આરોપી ઝડપાયા બાદ બહાર આવશે.

### પચ્ચીસ ગુના આચરનારી રિક્ષાગેંગને પોલીસે માંડ પકડી ત્યાં નવો પડકાર આવ્યો

# એક્સેસની ડેકી તોડી બે હેલ્મેટધારી ૩ લાખ ચોરી ગયા

## કાલાવડ રોડના નકલંક હોટેલના સંચાલક મુન્નાભાઇ શિરોડીયા સગાની ખબર કાઢવા એચ. જે. દોશી હોસ્પિટલમાં ગયા ત્યારે બનાવઃ વીસેક મિનીટમાં પાછા આવ્યા ત્યાં ચોરી થઇ ગઇ હતીઃ બે શખ્સ સીસીટીવીમાં દેખાયા

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૪

રાજકોટઃ શહેરમાં ચોર, ઉઠાવગીર, ગઠીયાઓ ફરી સક્રિય થઇ ગયા છે. પોલીસે હજુ ગઇકાલે જ રિક્ષાગેંગની ચંડાળચોકડીને પકડી પચ્ચીસ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલ્યો હતો. ત્યાં હવે વાહનોની ડેકી તોડી ચોરી કરતાં ગઠીયાઓ મેદાને આવી ગયા હોય તેમ એક ટુવ્હીલરની ડેકી તોડી ત્રણ લાખની રોકડ રકમ ચોરી જવામાં આવતાં પોલીસ આ ગઠીયાઓ, ઉઠાવગીરોને દબોચી લેવા કામે લાગી છે. ગોંડલ રોડ પી.ડી. માલવીયા કોલેજ પાછળ એચ. જે. દોશી હોસ્પિટલ પાસે આ બનાવ ધોળે દિવસે બન્યો હતો. ચોર ઉઠાવગીરો હેલ્મેટ પહેરીને આવ્યા હતાં અને રોકડ ચોરી નીરાતે નીકળી ગયા હતાં.

### બે કરોડથી વધુની ચાંદીની ઠગાઇનો આરોપી કેતન ઉર્ફ વાસુને ક્રાઇમ બ્રાંચ, પેરોલ ફરલો સ્ક્વોડે ઉત્તરાખંડથી દબોચ્યો

આ બંને સીસીટીવી કેમેરામાં કેદ થઇ ગયા છે.ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરમાં ટુવ્હીલરની ડેકી તોડી કે કારના કાચ તોડી ચોરી કરતાં ચોર ઉઠાવગીરો ફરીથી મેદાનમાં આવી પોતાની કામગીરી દેખાડી ગયા છે. આવા એક બનાવને અંજામ આપ્યો છે. જેમાં ધોળા દિવસે એચ. જે. દોશી હોસ્પિટલ નજીક પાર્ક કરાયેલા એક્સેસ ટુવ્હીલરની ડેકી તોડી બે ગઠીયા રૂપિયા ત્રણ લાખની રોકડ ચોરી ભાગી જતાં માલવીયાનગર પોલીસ, ડીસીબી, એલસીબીની ટીમોએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. સીસીટીવી ફૂટેજને આધારે આ બંનેને શોધી કાઢવા પ્રયાસો શરૂ થયા છે.વધુ માહિતી મુજબ દોઢસો ફુટ રીંગ રોડ પર મોમાઇ હોટેલ પાછળ ગોવર્ધન ચોકમાં રહેતાં અને કાલાવડ રોડ સ્વામીનારાયણ મંદિર સામે નકલંક હોટેલ ચલાવતાં મુન્નાભાઇ સવાભાઇ શીરોડીયા પોતાના એક્સેસમાં ત્રણ લાખની રોકડ રાખી એચ. જે. દોશી હોસ્પિટલ ખાતે દાખલ સગાની ખબર કાઢવા ગયા હતાં. હોસ્પિટલ બહાર પોતાનું વાહન પાર્ક કરી



હોટેલ સંચાલકે પેમેન્ટ ચુકવવા સવારે જ બેંકમાંથી રોકડ ઉપાડી હતીઃ ત્યાંથી જ રેકી કરી ગઠીયાઓએ કામ ઉતારી લીધાની શક્યતા

અંદર ગયા હતાં. વીસેક મીનીટ પછી તેઓ હોસ્પિટલમાંથી પાછા પોતે જ્યાં પોતાનું ટુવ્હીલર પાર્ક કર્યુ હતું ત્યાં આવ્યા ત્યારે ડેકી ખુલ્લી જોતા જ ચોંકી ગયા હતાં. અંદર તપાસ કરતાં અંદર રાખેલા રૂપિયા ત્રણ લાખ રોકડા ગાયબ હોઇ આસપાસમાં તપાસ કરી હતી. બાદમાં સીસીટીવી કેમેરા ચેક કરતાં બે શખ્સ ચોરી કરી આ રકમ લઇ ગયાનું જણાતાં માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

પોલીસે પણ સીસીટીવી કેમેરા ચેક કરતાં બે શખ્સ હેલ્મેટ પહેરી એક્ટીવા પર આવતાં અને ડેકી તોડી રોકડ લઇ ભાગી જતાં દેખાયા હતાં. મુન્નાભાઇને પેમેન્ટ કરવાનું હોઇ સવારે જ બેંકમાંથી આ રોકડ ઉપાડી હતી અને પોતાના એક્સેસની ડેકીમાં રાખી સગાની ખબર કાઢવા ગયા હતાં. ત્યારે આ બનાવ બન્યો હતો. માલવીયાનગર પોલીસને જાણ થતાં સીસીટીવી ફૂટેજને આધારે તપાસ આરંભી હતી. ડીસીબી, એલસીબીની ટીમો પણ તપાસમાં સામેલ થઇ હતી. બેંકમાંથી રૂપિયા ઉપાડીને મુન્નાભાઇ નીકળ્યા ત્યાંથી જ કદાચ તેમની રેકી કરી બાદમાં આ ઘટનાને અંજામ અપાયાની શક્યતા નકારી શકાતી નથી. બીજી તરફ શહેરના બી ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં રૂપિયા ૨.૨૮ કરોડની ચાંદી અને ડીસીબી પોલીસમાં રૂ.૨.૮૯ કરોડના વિશ્વાસઘાત અને છેતરપીંડીના ગુનામાં પાંચ વર્ષથી નાસતા ફરતા આરોપીને ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્કવોડે ઉત્તરાખંડથી પકડી લીધો હતો. શહેરમાં જમ્પ કરી નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા અંગેની પોલીસ કમિશનરની સૂચનાને પગલે ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફર્લો સ્કોડની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, બી ડિવિઝન પોલીસ મથકના ૨૯૦ કિલો ચાંદી કી.રૂ.૨.૨૮ કરોડની છેતરપીંડી તેમજ શહેર ડીસીબી પોલીસ મથકમાં રૂ. ૨.૮૯ કરોડની છેતરપીંડીના ગુનાનો આરોપી કેતન ઉર્ફે વાસુ સુરેશભાઈ ઢોલરીયા (ઉ.વ.૩૭-રહે.સદગુરૂ ગેઇટ નંબર-૨ કુવાડવા પાર્ક) ઉત્તરાખંડ તરફ છે, જે બાતમીના આધારે ક્રાઇમ બ્રાન્ચ અને પેરોલ ફરલો સ્કવોડની ટીમ ઉત્તરાખંડ પહોંચી હતી અને ત્યાં સ્થાનિક પોલીસને સાથે રાખી ઉત્તરાખંડના રૂદ્રપુરમાં કાશીપુર બાયપાસ પાસે આવેલી હોટલમાંથી દબોચી લઇ રાજકોટ લાવવામાં આવ્યો હતો. ક્રાઇમ બ્રાંચે આગળની તપાસ યથાવત રાખી છે.

### જામનગરનો રેલ કર્મચારી લુખ્ખાગીરી કરવા ગયો પણ ઢીબાઈ ગ્યો ! ચકચાર



રાજકોટ મિરર, તા.૧૪

શહેરના રુખડિયાપરામાં રહેતા અને રેલવેની પાર્સલ ઓફિસમાં મજુરી કામ કરતા ઈબ્રાહીમ હુસેન પારા ઉ.વ.૫૮ નામના રેલવેના મજુર પાર્સલ ઓફિસે હતો. ત્યારે જામનગરનો રેલ કર્મચારી અને હાલ રજા ઉપર રહેલા હિતેશ મુલિયાણા તલવાર સાથે પાર્સલ ઓફિસમાં ધસી આવ્યો હતો. પાર્સલ ઓફિસના મજુર ઈબ્રાહીમને ''અજગર'' ક્યાં છે તેમ કહી ગાળો આપતા ઈબ્રાહીમને હિતેશને ગાળો નહીં આપવા સમજાવ્યો હતો. જે બાબતે બન્ને વચ્ચે માથાકુટ થતાં તલવાર લઈને આવેલા હિતેશ મુલિયાણાને ઈબ્રાહીમ હુશેન પારાએ ઢીબી નાખતા હિતેશને સિવિલ હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું હતું.

રેલવે પોલીસને બનાવની જાણ થતાં સિવિલ હોસ્પિટલે દોડી આવી હતી અને આ મામલે જરૂરી કાર્યવાહી કરી હતી. ઈબ્રાહીમ હુસેન પારા છેલ્લા ૪૦ વર્ષથી રેલવેના પાર્સલ વિભાગમાં મજુરી કામ કરે છે. જ્યારે હિતેશ જામનગરમાં રેલવે વિભાગમાં ફરજ બજાવે છે. અગાઉ તેને અજગર નામના શખ્સ સાથે માથાકુટ થઈ હોય જેથી તે તેના પર હુમલો કરવા આવ્યો હોય અને પાર્સલ ઓફિસના મજુર હાથે ઢીબાઈ ગયાની વાતે ચકચાર જગાવી છે.

# બેડી ચોકડી પાસે કારે બાઈકને હડફેટે લેતા સગર્ભાને થયું મિસકેરેજ

### દંપતી ફંગોળાયુ : પત્નીને ગંભીર ઈજા : બી-ડીવીઝન પોલીસે કાર ચાલક સામે નોંધ્યો ગુન્હો

રાજકોટ મિરર, તા.૧૪

શહેરમાં બાપ કમાઈના બાબુડીયાઓ હજુ શહેરમાં બેરોકટોક, બેફામ વાહનો ચલાવી રહ્યા છે. નાના વાહનચાલકોને ધ્યાને લીધા વગર ફુલસ્પીડે વાહન ચલાવી અકસ્માતોની પરંપરા સર્જી રહ્યા છે. પખવાડીયામાં આવા એક-બે બનાવો તો બને જ છે. આવી જ વાતની સાબિતી રૂપે ગઈકાલે બેડી ચોકડી પાસે આગળ જતા દંપતી સહિતના બાઈકને કાર ચાલકે હડફેટે લેતા બાઈકમાં પતિ પાછળ સવાર સગર્ભા પત્નીને ઘટના સ્થળે જ મિસકેરેજ થઇ જતા બનાવને નજરે જોનારા લોકોમાં અરેરાટી વ્યાપી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મોરબી રોડ પર વેલનાથપરા ભાગ-૨ માં રહેતાં મહાદેવભાઈ મનજીભાઈ ગોરૈયા (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરિયાદમાં કાળા કલરની ફોર્ચ્યુનર કાર નં. જીજે-૧૮-ઈબી-૭૮૭૯ ના ચાલકનું



નામ આપતાં બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ઈમિટેશનનુ કામ કરે છે અને તેમના લગ્ન છ વર્ષ પહેલાં કિંજલબેન સાથે થયેલ અને સંતાનમાં ચાર વર્ષની દિકરી છે. તેમની પત્નીને ચાર માસનો ગર્ભ હતો.ગઇ તા.૦૮ ના તેઓ પત્ની સાથે રાત્રીના અગિયારના વાગ્યાના આસપાસ ઘરેથી નીકળી નકળંગ પાર્કમાં રહેતાં તેમની માસીના દિકરા ઘનશ્યામભાઈના ઘરે ગયેલ અને ત્યાથી બેસીને ગઈ તા.૦૯ ના ઘરે જવા માટે નીકળેલ અને દોઢક વાગ્યાની આસપાસ તેઓ દંપતી બાઇકમાં ઘરે પરત જતા હતા ત્યારે બેડી ચોકડી પહેલા જોનસ હોસ્પિટલ સામે રોડ ઉપર પહોચતા પાછળથી ધડાકા સાથે એક ગાડીએ ટક્કર મારેલ જે અકસ્માતને કારણે બંને રોડ ઉપર બુરી દશામાં ફંગોળાયા હતા.

અને પતિ-પત્નીને ગંભીર ઈજા થયેલ હતી. યુવાનને માથામાં અને હાથ-પગમાં ઈજા થયેલ જ્યારે પત્ની કિંજલબેનને માથામાં તેમજ કમરના ભાગે ઈજા થયેલ હતી. બંને ઉભા થવાની સ્થિતીમા પણ ન હતા.

તે સમયે જોયેલ તો એક કાળા કલરની ફોરર્યુનર કાર ઉભી હતી. જેમાં સામાન્ય નુકસાન થયેલ હતુ. ગાડીનો ડ્રાઇવર ફરાર થઇ ગયેલ હતો. તેમની પત્નીને ૧૦૮ મારફત સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. ત્યાંથી તેમની પત્નીને ચાર માસનો ગર્ભા હોય જેથી ઝનાના હોસ્પિટલમાં સારવાર અર્થે લઇ જવાઈ તો ત્યાં તબીબે મિસ ડિલિવરી થઇ ગયેલ હોવાનું જણાવ્યું હતું. બનાવથી પરીવાર આઘાતમાં સરી પડ્યો હતો. બનાવ અંગે બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી ફોર્ચ્યુનર કારના ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

### અવસાન નોંધ

**રાજકોટ :** મૂળ અમરેલી, હાલ રાજકોટ નિવાસી સ્વ. શશીકાંતભાઈ ગીરધરલાલ હપાણીના પત્ની હર્ષાબેન(ઉ.૭૮) તે સ્વ. ગૌરીશંકરભાઈ ભોડીયાના પુત્રી, રીટાબેન(જુનાગઢ), શીતલબેન(રાજકોટ), ફાલ્ગુનીબેન(પોરબંદર), સાગરભાઈ હપાણી(એડવોકેટ)ના માતા, મુકેશભાઈ કામદાર(વાઈસ ચેરમેન બાર કાઉન્સિલ ગુજરાત), જીગ્નેશભાઈ રૂપાણી(રાજકોટ), નિખીલભાઈ વૈધ(પોરબંદર), માનસી હપાણીના સાસુ તા. ૧૩ ના રોજ અવસાન પામ્યા છે. ઉઠમણું સવારે ૧૦ વાગ્યે અને પ્રાર્થનાસભા સવારે ૧૧ કલાકે, તા.૧૬ને શનિવારે, જૈન ભુવન, ૨૧- ન્યુ જાગનાથ, હીરાપન્ના કોમ્પ્લેક્સ પાછળ, યાગ્નિક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ફૂલચંદભાઈ પ્રેમચંદભાઈ મહેતાના પુત્રી સુશીલાબેન વિનોદરાય મહેતા તે મનીષભાઈ, સંજીવભાઈ, બીનાબેન જીગ્નેશભાઈ મહેતાના માતા તા. ૧૪ નારોજ અવસાન પામ્યા છે. ઉઠમણું સવારે ૧૦ વાગ્યે અને પ્રાર્થનાસભા ૧૦-૩૦ થી ૧૨-૩૦, કોઠારી ઉપાશ્રય, ભક્તિનગર, પોસ્ટઓફિસની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ. પ્રભાકરભાઈ બેચરલાલ રાચ્છના પુત્ર કિરણભાઈ રાચ્છ ઉ.વ.૭૮ (રિટાયર્ડ ફૂલછાબ પ્રેસ) તે સ્વ. મયુરભાઈ (મુંબઈ) સુનિલભાઈ (અમદાવાદ)ના મોટાભાઈ, તે તુષાર રાચ્છ (પત્રકાર) અને શિલ્પાબેન નીતેશકુમાર ઠક્કરના પિતા, પિંકીબેનના સસરા, તે દેવર્ષિ અને જેનીશના દાદા, તથા રોહન ઠક્કરના નાનાજી, તા. ૧૪ના રોજ અવસાન પામ્યા છે. બેસણું તા. ૧૫ને શુક્રવારે સાંજે ૪:૩૦ થી ૫:૩૦ વાગ્યે પંચનાથ મંદિર ખાતે રાખેલ છે.

### વિદેશમાં જઇ નોકરી કરવાના સ્થાયી થવાના સપના યોગ્ય, પણ આંધળુકીયા ન કરાય

# લેભાગુઓએ વર્ક પરમીટના નામે કરોડનો ચુનો લગાવ્યો

## કેનેડાના બત્રીસ લાખ, પિસ્તાલીસ લાખ, ત્રેપન લાખના ગેરેન્ટેડ પેકેજની લાલચ આપી અનેકને ફસાવ્યાઃ ઠગ મહિલા સહિત બે જણાની શોધખોળ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા.૧૪**

રાજકોટઃ અલગ અલગ રીતે નોકરીવાંચ્છુઓને છેતરવાની ઘટનાઓ રાજ્યમાં રોજબરોજ સામે આવતી રહે છે. તેમાં પણ વિદેશમાં વીજા અને વર્ક પરમીટ તથા સો ટકા નોકરીની લાલચ આપી અનેકને લાખોમાં છેતરી લેવામાં આવતાં હોય છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં ગઠીયાઓએ કેનેડામાં વર્ક પરમીટ નોકરીના નામે એક મહિલા સહિતના ગઠીયાઓએ અનેક લોકોને લાખોમાં નવડાવી દીધા છે. આ ઠગોએ ઓફિસ ખોલીને ગેરેન્ટેડ વર્ક પરમીટના નામે જાહેરાતો કરી હતી અને બાદમાં વિદેશ જવા ઇચ્છુકોને ફસાવ્યા હતાં. હાલ તો આઠેક લાખની ઠગાઇની વિગતો પોલીસ સુધી પહોંચી છે. પણ છેતરપીંડીનો આંકડો કરોડ સુધી પહોંચી જવાની શક્યતા છે.

વિગતો પર નજર કરીએ તો વધુ એક વખત વિદેશના વર્ક પરમીટના નામે છેતરપીંડી થઇ ગઇ છે. જેમાં અમદાવાદના મકરબા વિસ્તારમાં ઇમીગ્રેશનની ઓફિસ શરૂ કરીને કેનેડામાં સલૂન તેમજ અન્ય સર્વિસ સેક્ટરમાં વર્ક પરમીટ અપાવવાનું કહીને કેનેડામાં રહેતા નિતીન પાટીલ અને વિજયા સાલવે તેમજ અમદાવાદમાં ભાગીદાર તરીકે ઓફિસ ચલાવતા ચેતન શર્મા નામના વ્યક્તિઓએ બોપલમાં રહેતી એક મહિલા સાથે આઠ લાખ રૂપિયા ઉપરાંત, અન્ય લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સરખેજ પોલીસ મથકે નોંધવામાં આવી છે. શહેરના સાઉથ બોપલમાં આવેલા ક્રિષ્ના બંગ્લોઝમાં રહેતા ચુમાલીસ વર્ષીય પારૂલબેન રાણા નામની મહિલાએ નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે તે શીલજમાં તેમના ભાગીદાર અશ્વલભાઇ પારેખ સાથે મળી સલૂન ચલાવતા હતા.

દરમિયાન તેમના સલૂન પર નિતીન પાટીલ અને વિજય સાલવે આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તે કેનેડા વર્ક પરમીટ અને પીઆરનું મોટું કામ કરે છે. બંને જણા કેનેડીયન પાસપોર્ટ પણ ધરાવીએ છીએ. જેથી તેમના મોટા સંપર્ક છે. જેથી પારૂલબેન અને અશ્વલભાઇ મકરબા એસ જી હાઇવે પાસે આવેલા આર્શીવાદ પારસ કોમ્પ્લેક્સમા આવેલી પેસેફિક રીલોકેશન સર્વિસની ઓફિસ




પર મળવા માટે ગયા હતા. જ્યાં નિતીન પાટીલે તેમને ૩૨ લાખ, ૪૫ લાખ અને ૫૩ લાખ રૂપિયાના કેનેડાના પેકેજ આપ્યા હતા.

આ ઉપરાંત તેણે ખાતરી આપી હતી કે પેમેન્ટ સિસ્ટમમાં સગવડ કરી આપશે. જેથી વિશ્વાસ કરીને પારૂલબેને ૩૨ લાખનું પેકેજ નક્કી કર્યું હતું. જે મુજબ વીસ લાખની બેંક ગેંરટી અને બીજા ૧૨ લાખ કેનેડા પહોંચીને આપવાના હતા. જો કે પ્રોસેસના નામે તેમની પાસેથી પાંચ લાખનો ખર્ચ કરાવવાની સાથે બે સહી કરેલા ચેક માંગ્યા હતા. જે પાસપોર્ટ, અને વિવિધ સર્ટીફિકેટ સાથે નિતીનને આપ્યા હતા. જ્યારે પારૂલબેને નુતન નાગરિક બેંકમાંથી ૨૦ લાખની બેંક ગેંરટી આપી હતી.

જો કે નિતીને પારૂલબેનની જાણ બહાર ચાર લાખનો ચેક પોતાના ખાતામાં જમા કરાવી દીધો હતો. સાથે સાથે બાકીના ચાર લાખ રોકડા લીધા હતા. પંરતુ વિઝાની કામગીરી લંબાતા પારૂલબેને બેંક ગેંરટી રદ કરી હતી.

આ બાબતે પુછતાં ત્યારે નિતીને પ્રોસેસ ચાલુ હોવાનું કહીને વીસ લાખનો ચેક માંગ્યો હતો. જો કે પારૂલબેને કહ્યુ હતું કે કેનેડા પહોંચ્યા બાદ જ ચેકથી નાણાં ઉપાડી શકાશે. જેથી નિતીને ખોટા ખોટા વાયદા કરીને સમય લંબાવતા પારૂલબેને કેનેડા નહી જવાનું નક્કી કરીને તેની ઓફિસ જઇ નાણાં પરત માંગ્યા હતા. પરંતુ મકરબા સ્થિત ઓફિસ સંભાળતા નિતીનના ભાગીદાર ચેતન શર્માએ તેમને ધમકી આપી હતી. આમ, તેમના આઠ લાખ રૂપિયા, પાસપોર્ટ અને અન્ય પ્રમાણપત્રો પરત આપ્યા નહોતા. નિતીન અને તેની ટોળકીએ અન્ય લોકો સાથે પણ છેતરપિંડી આચરી હતી.

જેના કારણે છેતરપિંડીની રકમનો આંક દોઢ કરોડને પાર થવાની સંભાવના છે. જે અંગે સરખેજ પોલીસે નિતીન પાટીલ, વિજયા સાલવે અને ચેતન શર્મા વિરૂદ્ધ ગુનો નોંધીને કાર્યવાહી કરી છે. અગાઉ પણ સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં આ પ્રકાની ઠગાઇના અનેક બનાવો પોલીસ સુધી પહોંચી ગયા છે.

લેભાગુ એજન્ટો આ રીતે અનેકને છેતરી ગયા છે આમ છતાં લોકો જાગૃત બનતાં નથી આ કારણે આવા ગઠીયાઓ ફાવી જાય છે અને નોકરી વાંચ્છુઓ વિદેશ જવા ઇચ્છુકોને લાખોનો ચુનો લાગી જાય છે. આ ઘટના તેનો વધુ એક પુરાવો આપી રહી છે.

વિદેશ જઇ સારી નોકરી મેળવવી, ત્યાં સ્થાયી થવું કમાણી કરવી તેવા સપના જોવા એ ખોટુ નથી. પરંતુ ત્યાં પહોંચવા માટે આંધળુકીયા કરી ગમે તેવા એજન્ટો પર આંધળો વિશ્વાસ મુકી તેની લાલચમાં આવી તેને લાખો રૂપિયા પધરાવી દેવા તે ખોટુ છે.

કોઇપણ એજન્ટો પર વિશ્વાસ કરતાં પહેલા તેની પુરેપુરી ખરાઇ કરી લેવી ખુબ જરૂરી છે.

કારણ કે હાલમાં આ પ્રકરના લેભાગુઓ હાલી નીકળ્યા છે અને એ કારણે અનેક લોકોએ લાખો કરોડો ગુમાવી દીધા છે.

અમદાવાદ ડોર ટૂ ડોર મોડલ શું રાજકોટમાં શક્ય બનશે? : ગાર્બેજ કલેક્શનમાં ૫૩ કરોડના કામના ૧૧૨ કરોડે પહોંચવાની ધારણા

# ગાર્બેજની દરખાસ્તમાં અગળમ્-બગળમ્?

## ભાજપના જ નગરસેવકના આકરા 'તેવર' બાદ ન્યુ કમિશનર દ્વારા પુનઃ વિચાર કરવામાં આવે અને હાલની દરખાસ્તને રદ કરાવા વિપક્ષોની માંગ

રાજકોટ, તા. ૧૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા છેલ્લાં ઘણા સમયથી સ્વચ્છ રાજકોટ અભિયાનને ચરિતાર્થ કરવા માટેના જે પગલાંઓ લેવામાં આવી રહ્યા છે તેને લઈને ઘણી ખરી નવી યોજનાઓની પણ અમલવારી કરવામાં આવી છે ત્યારે હાલ છેલ્લી મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી તથા ન્યુસન્સ પોઈન્ટ પરથી કચરો ઉપાડવા સહિતની કામગીરીને લઈ ઈતિહાસનું સૌથી મોટું ૧૦૦૦ કરોડથી વધુનું ટેન્ડર પ્રસિદ્ધ કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો જે બાદ રાજકીય ગરમાવો પણ જોવા મળ્યો. મળતી માહિતી મુજબ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી ની બેઠક પૂર્વે યોજાયેલી સંકલનમાં ભાજપના કોર્પોરેટરે પણ આ અંગે વિરોધ દર્શાવ્યો હતો અને જણાવ્યું હતું કે યોગ્ય નિર્ણય લેવામાં આવે તો જ આ યોજનાની યોગ્ય અમલવારી થઈ શકે પરંતુ તેમની વાતને ગ્રાહ્ય રાખવામાં આવી ન હતી.

શહેરમાં ગાર્બેજ કલેકશનની કામગીરી તેમજ ન્યુસન્સ પોઈન્ટ પરથી કચરો ઉપાડવા માટે એક અલગ એજન્સીની નિમણૂક કરવા માટે નો નિર્ણય લેવામાં આવ્યો છે અત્યારે દર વર્ષે આશરે ૫૨ કરોડના ખર્ચે મહાનગરપાલિકા ખર્ચો કરે છે ત્યારે હવે જે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે તે દર વર્ષે ૫૯ કરોડનો દર વર્ષે ખર્ચ કરશે અને દસ વર્ષ સુધી આ ભાવે કામ કરવાની દરખાસ્તને મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીએ મંજૂર કરી છે. તજજ્ઞોના જણાવ્યા અનુસાર હાલ સામાન્ય ગણાતી કામગીરી અને ફીચર્સ ઉમેરી આ કામને ૧૧૧.૫૬ કરોડનો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે સહેજ પણ સર્વગ્રાહી નથી. રાજકોટ મહાનગરપાલિકાના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપના કોર્પોરેટર નેહલભાઈ જે વધારાનો ખર્ચ કરવાનો નિર્ણય મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવ્યો છે તે હાલના ખર્ચ કરતા બમણો છે જેના બદલામાં મહાનગરપાલિકાને શું આવક થશે એટલું જ નહીં લોકોને શું મળશે તે તમામ મુદ્દાઓ હાલ ચર્ચા નો વિષય બન્યો છે ત્યારે આ વિષય ઉપર જ્યાં સુધી ધ્યાન કેન્દ્રિત કરવામાં નહીં આવે ત્યાં સુધી અનેકવિધ પ્રશ્નો ઊભા થાય તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

પરંતુ મહાનગરપાલિકાના સત્તાધીશોને પદાધિકારીઓ સબ સલામતના બુંદીયા મૂકી રહ્યા છે. બીજી મહત્વની વાત એ છે કે આ અંગે જ્યારે સંબંધિત વિભાગના અધિકારીને પૂછવામાં આવ્યું તો તેઓએ પણ યોગ્ય જવાબ આપ્યો ન હતો ત્યારે એ વાત સ્પષ્ટ થાય છે કે અંધેરી નગરી મેં ગંડુ રાજા જેવો ઘાટ જોવા મળી રહ્યો છે કારણ કે કોઈને ખ્યાલ જ નથી કે નવી યોજના કેવી રીતે કામ કરશે.

હવે જોવાનું એ રહ્યું કે ડોર-ટુ-ડોર ગારબેજ કલેક્શન માટે જે ટેન્ડર બહાર પાડવામાં આવશે તેમાં કેટલી એજન્સીઓ રસ દાખવે છે કારણ કે તજજ્ઞોના જણાવ્યા અનુસાર હાલ મહત્વની વાત એ છે કે જે રીતની જોગવાઈઓ કરવામાં આવેલી છે તેને ધ્યાને લેતા આવનારા દિવસોમાં આ અંગે માત્ર એક કે બે એજન્સી જ રસ દાખવે તો નવાઈ નહીં. આ તો સાત તજજ્ઞનું માનવું છે કે આ અંતર્ગત હાલ જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેમાં લાગતી વળગતી એજન્સીને જ જાણે જસ ખટાવવો હોય તેવું આયોજન સત્તાધિશો દ્વારા કરવામાં આવ્યું છે. તો સામે સત્તાધિશો કહે છે કે આ યોજનાની અમલવારી થતા જ લોકોને ઘણો ખરો ફાયદો પણ મળશે પરંતુ વાસ્તવિકતા એ છે કે આ યોજનાથી લોકોને કંઈ જ ફાયદો થવાનો નથી જેમ તેઓ આજની તારીખે કચરો ટીપરવાનમાં નાખે છે તેવી જ રીતે તેઓએ પણ કચરો નવી પદ્ધતિ મુજબ ટીપરવાનમાં નાખવાનો રહેશે. ૧૦ વર્ષમાં આશરે રૂમ.૫૯૦ કરોડ જેવી વધારાની રકમ મનપાની તિજોરીમાંથી ઉસેડી લેવાશે તેના વાજબીપણાની કોઈ વિગતો જારી થઈ ન્હોતી.

હાલ જે ચર્ચાએ જોર પકડ્યું છે તેમાં એ વાત સ્પષ્ટ છે કે ભાજપના કોર્પોરેટરે પોતાના સુજાવો આપ્યા હતા પરંતુ તે અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નહોતો સર્વ સંમતિ સાધી અન્ય સત્તાધીશો એ આ દરખાસ્તને મંજૂર કરવાનો નિર્ણય લીધો હતો જે બાદ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નેહલ શુક્લ હાજર રહ્યા ન હોવાનું પણ લોકો અને તજજ્ઞ ચર્ચી રહ્યા છે. એકંદરે પ્રથમનજરે જ શંકાસ્પદ જણાતા આ કોન્ટ્રાક્ટ કે જેમાં ૬૦૦ કરોડમાં થતું કામ રૂમ.૧૧૦૦ કરોડ ચૂકવીને કરાવાય છે તે અંગે હવે પ્રદેશ ભાજપ અને રાજ્ય સરકાર શુ વલણ અપનાવે છે તેના પર જનતા,શાસક અને વિપક્ષની નજર રહેશે.





### કયા હેડ હેઠળ કેટલો ખર્ચ થશે તેની કોઈ સ્પષ્ટતા મનપા તંત્રએ કરી નથી

મળતી માહિતી મુજબ હાલ સ્ટેન્ડિંગ કમિટીમાં જે ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કોન્ટ્રાક્ટને મંજૂરી આપવામાં આવી છે તેમાં સત્તાધીશો અને મહાનગરપાલિકાના અધિકારીઓ ને એ વાતનો અંદાજો નથી કે ક્યા હેડ હેઠળ કેટલો ખર્ચ થશે અને તેની જે વિગતો મળવી જોઈએ તે પણ તેમની પાસે ઉપલબ્ધ નથી જે અનેકવિધ પ્રશ્નો સૂચવે છે. જ્યારે ૧૦૦૦ કરોડથી ઉપરનું ટેન્ડર હોય અને તેમાં મહાનગરપાલિકા પાસે એ ગંભીરતા અથવા તો કહી શકાય કે ક્યાં વિભાગ અને કયા કામગીરીમાં કેટલો ખર્ચ થશે તેની વિગત ન હોય તો તે ઘણું ખરું કહી જાય છે કા તો અનઢળ આયોજનના પગલે આ યોજનાને અમલી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોઈ શકે. પરંતુ વાસ્તવિકતા એ છે કે ખરા અર્થમાં મહાનગરપાલિકાના અધિકારીઓએ અને સત્તાધિશોએ આ અંગે ગંભીરતાપૂર્વક ચર્ચા કરવી અને યોગ્ય મંત્રના કરવી ખૂબ જરૂરી છે.

### વિપક્ષ ધ્રૂજારાના મૂડમાં : મજબુત અવાજ ઉઠાવી શકશે કે વધુ એકવાર થશે ટાઇ-ટાઇ ફીશ

રાજકોટ મહાનગરપાલિકાના વિપક્ષી નેતા વશરામ સાગઠીયાએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરતા જણાવ્યું હતું કે હાલ જે ટેન્ડર પ્રસિદ્ધ કરવા માટેની જે મંજૂરી આપવામાં આવી છે તેને ધ્યાને લઈ આ મંજૂરીને રદ કરવામાં આવે. જેની પાછળનું સૌથી મહત્વનું કારણ એ છે કે મ્યુનિસિપલ કમિશનર પાસે સર્વોચ્ચ સત્તા છે જેમાં તેઓ કોઈ પણ મંજૂરીને વહીવટી નિર્ણય અને મંત્રના હેઠળ તેને મુલતવી રાખી શકે છે જે માટે તેઓએ સત્તાધીશ પક્ષને માત્ર ભરોસામાં જ લેવું પડે તેમ છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું મ્યુનિસિપલ કમિશનર આ અંગે કોઈ ગંભીરતાપૂર્વક નિર્ણય લેશે કે કેમ ?

### કોન્ટ્રાક્ટમાં આવી રહી છે ભ્રષ્ટાચારની ગંધ : વિપક્ષી નગરસેવક વશરામ સાગઠિયા

મહાનગરપાલિકાના તજજ્ઞોના જણાવ્યા અનુસાર હાલ છે કોન્ટ્રાક્ટ ઊભો કરવામાં આવ્યો છે અને જે બનાવવામાં આવ્યો છે અને જે માટે આવનારા દિવસોમાં જે ટેન્ડર પ્રસિદ્ધ થશે તેમાં ભ્રષ્ટાચાર ની ગંધ આવી રહી હોય તેવું પણ તેઓ જણાવી રહ્યા છે કારણકે એક જ સાથે ૧૦૦૦ કરોડ રૂપિયા નો ટેન્ડર પ્રસિદ્ધ કરવું એ ઘણા પ્રશ્નો ઊભા કરે છે. ત્યારે આવનારા દિવસોમાં આ અંગે મહાનગરપાલિકા શું નિર્ણય લેશે તે હવે જોવાનું રહ્યું.

### કરોડોના ટેન્ડરમાં કેમ 'JV'(જોઈન્ટ વેંચર)ને ન અપાય છુટ : જાણકાર સૂત્રોમાં કચવાટ

જ્યારે ૧૦૦૦ કરોડથી વધુનું ટેન્ડર હોય તે કિસ્સામાં જોઈન્ટ વેન્ચર અથવા તો વિવિધ એજન્સીઓ આ ટેન્ડરમાં ભાગ લઈ શકે તે મુજબની કામગીરી અને કાર્યવાહી થવી જોઈએ પરંતુ હાલ જે ટેન્ડર પ્રસિદ્ધ કરવા માટેની વાત સામે આવી રહી છે તેને જોતા એ વાત સ્પષ્ટ છે કે જો આ ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવશે તો એકલ દોકલ એજન્સી જ આ અંગે પોતાનો રસ દાખવશે. જે અનેક પ્રશ્નો ઉભા કરે છે. ત્યારે આ પ્રકારની ટેન્ડરમાં જે જોગવાઈ કરવામાં આવી છે તેની પાછળનું શું કારણ તે અંગે હજુ સુધી કોઈ નક્કર પગલા અથવા તો નકારણ સામે આવ્યું નથી. મહાનગરપાલિકા ૧,૦૦૦ કરોડથી વધુનું ટેન્ડર પ્રસિદ્ધ કરવાનું છે પરંતુ મહત્વનું અને સામાન્ય વાત તો એ છે કે આટલો બમણો ખર્ચ કરવો હોય ત્યારે મનપા પાસે એવું કોઈ આયોજન નથી અને એવી કોઈ વિગત નથી કે ક્યાં હેડ હેઠળ કેટલો ખર્ચ થશે. હાલ આ અંગે ગંભીરતાપૂર્વક ચર્ચા કરવામાં આવી રહી છે અને હજુ સુધી મેનેજમેન્ટ વિભાગ દ્વારા કોઈ નક્કર આયોજન પણ કરવામાં આવ્યું નથી ત્યારે હાલ જે કામગીરી અને જે ટેન્ડર બહાર પાડવામાં આવશે તે ઘણા ખરા અંશે ચોક આવનારું હોય તેમાં કોઈ શંકાને સ્થાન નથી તેવું તજજ્ઞ જણાવી રહ્યા છે. હાલ મહાનગરપાલિકાએ ખરા અર્થમાં આ દરખાસ્ત પર પુનઃ વિચાર કરવો ખૂબ જરૂરી છે.

---

દંડની કામગીરી વખતે ટ્રાફિક કર્મચારીઓ અને વાહનચાલકો વચ્ચે મચી જતી ધમાલમાં વધુ એક કિસ્સો ઉમેરાયો

# મહિલા ASIને મા-દિકરીએ રોડ પર પટકી બેફામ ઢીબ્યા

## કુવાડવા રોડ ડી માર્ટ પાસે નો-પાર્કિંગમાં રખાયેલુ એક્ટીવા ટોઇંગ થતાં આ વાહનચાલકની બહેનપણી એવી હડાળાની મહિલાએ દિકરી સાથે મળી ટ્રાફિક શાખાના રાધીકાબેન મકવાણાને બેફામ ગાળો દીધી, ગડદા પાટા માર્યાઃ બનાવને પગલે લોકોના ટોળા ઉમટ્યા

દર્શનસિંહ જાડેજા દ્વારા
રાજકોટ મિરર તા.૧૪

રાજકોટઃ રંગીલા રાજકોટ શહેરમાં ટ્રાફિક સમસ્યા માથાના દુઃખાવા સમાન છે. અનેક વખત ટ્રાફિકના નિયમોનું પાલન કરાવવામાં કે પછી દંડ વસુલવાની કામગીરી વખતે જે તે ટ્રાફિક શાખાના કર્મચારીઓ ગરમી પકડી જાય છે અને તેના કારણે માથાકુટ થાય છે. થોડા દિવસો પહેલા કોટેચા ચોકમાં કાર ટો કરવા મામલે ટ્રાફિક શાખાના હેડકોન્સ્ટેબલની ફરજમાં કાર ચાલક ભાઇ બહેને રૂકાવટ કર્યાનો ગુનો નોંધાયો હતો. એ પછી વિડીયો વાયરલ થયા તેમાં ટ્રાફિક કર્મચારીએ પહેલા લાફા મારી લીધા બાદ કાર ચાલકે પણ ગરમી પકડ્યાનું સામે આવ્યું હતું. દરમિયાન શહેરના કુવાડવા રોડ પર ડી માર્ટ પાસે આવી વધુ એક ઘટના બની છે જેમાંટ્રાફિક શાખાના મહિલા એએસઆઇને હડાળા ગામની મા-દિકરીએ મળી ઢીબી નાંખી ગાળો દઇ ધમકી દીધી હતી. એક્ટીવા ટો કરવા મામલે આ ડખ્ખો થયો હતો.

ચકચાર જગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરમાં નો-પાર્કિંગમાં પાર્ક કરેલા વાહનો ટ્રાફિક પોલીસ દ્વારા ટો થાય કે પછી વાહન ચાલકોને નિયમ ભંગ બદલ દંડ ફટકારવાની કાર્યવાહી થાય ત્યારે ઘણીવાર વાહનચાલકો તપી જતાં હોય છે વાત બખેડા સુધી પહોંચી જતી હોય છે. કુવાડવા રોડ ડી-માર્ટ પાસે નો-પાર્કિંગમાં રખાયેલુ એકટીવા ટ્રાફિક શાખાના મહિલા એએસઆઇએ ટોઇંગ કરાવી વાહનમાં ચડાવી દઇ એક્ટીવાચાલક મહિલા પાસે દંડ વસુલવાની તજવીજ કરતાં તેની સાથેની તેની હડાળા ગામે રહેતી બહેનપણી અને બહેનપણીની દિકરીએ તે શું કામ વાહન ટોઇંગ કર્યુ, નીચે ઉતારી દે, તું અમને ઓળખતી નથી કહી મહિલા એએસઆઇનો કાઠલો પકડી પછાડી ઢીકાપાટુનો માર મારી બેફામ ગાળો ભાંડતા મોટો બખેડો થયો હતો.

વાત આટલેથી અટકી નહોતી, એક્ટીવા ચાલક મહિલાની બહેનપણી એવી મા-દિકરીએ તું નોકરી કઇ રીતે કરે છે એ જોઇ લેશું કહી ધમકી દેતાં બંને સામે ગુનો દાખલ કરાવાયો હતો. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ટ્રાફિક શાખામાં ફરજ બજાવતાં એએસઆઇ રાધીકાબેન અશોકભાઇ મકવાણાની ફરિયાદ પરથી રાજકોટના હડાળા ગામની ફીરોઝાબાનુ







મા-બેટીએ ધમકી દઇ કહ્યું-એક્ટીવા ઉતારી દે નહિતર સારાવટ નહિ રહે, તું અમને ઓળખતી નથી, હવે કઇ રીતે નોકરી કરે છે તે જોઇ લેશુંઃ બી-ડિવીઝન પોલીસે કરી ધરપકડ

ગુલામહુશેન વળદડીયા અને તેની દિકરી શમશાબાનુ ગુલામહુશેન વળદડીયા વિરૂધ્ધ ફરજમાં રૂકાવટ કરીગાળો દઇ મારકુટ કરી હાથની આંગળીમાં ઇજા પહોંચાડ્યાનો, ધમકી દીધાનો ગુનો નોંધી બંનેની ધરપકડ કરવા તજીવજ કરી હતી. ટ્રાફિક શાખાના એએસઆઇ રાધીકાબેન મકવાણાએ જણાવ્યું હતું કે હું ટ્રાફિક શાખામાં ફરજ બજાવુ છું, બુધવારે સાંજે પાંચથી રાતના નવ સુધી મારી નોકરી ટોઇંગ વાહનમાં હતી. અમારો રૂટ સેક્ટર-૧માં આવે છે. આ વિસ્તારમાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના કુવાડવા રોડનો વિસ્તાર પણ આવે છે. અમે ટોઇંગ વાહન નંબર જીજે૦૫એસપી-૦૯૫૩ના ઇન્ચાર્જ તરીકે હતાં અને સાથે ડ્રાઇવર સુરેશભાઇ શીવાભાઇ પરમાર, હેલ્પર પ્રકાશભાઇ બાબુભાઇ વાળા, પાર્થભાઇ રાજેશભાઇ હેરમા હતાં.

અમે સાંજે સાતેક વાગ્યે પારેવડી ચોકથી ગ્રીનલેન્ડ ચોકડી તરફ જતાં કુવાડવા રોડ ડી માર્ટ પાસે પહોંચ્યા હતાં. જ્યાં રોડ પર કાળા રંગનુ એક્ટીવા જીજે૦૩એલએસ-૯૮૯૫ હતું. જે નો-પાર્કિંગમાં હોઇ જેથી અમે કાર્યવાહી કરી હતી અને હેલ્પર દ્વારા આ વાહન ટો કરવા તજવીજ કરી હતી.

આ દરમિયાન એક્ટીવાચાલક સેજલબેન ભટ્ટી આવી ગયા હતાં અને તેની સાથે અન્ય બે મહિલા પણ હતી. જેના નામ ફીરોઝાબાનુ વળદડીયા અને તેની દિકરી શમશાબાનુ હતાં. અમે સેજલબેન પાસે લાયસન્સ અને ગાડીના કાગળો માંગતા તે પોતાની પાસેના મોબાઇલ ફોનમાં સર્ચ કરતાં હતાં.

ત્યારે સેજલબેનની બહેનપણી ફિરોઝાબાનુએ મારી પાસે આવી કહેલુ કે-સેજલબેન મારી ફ્રેન્ડ છે, તેનુ વાહન ટોઇંગ કરવાની રહેવા દે અને નીચે ઉતારી દે, તું એને જાવા દે નહિ તો સારાવટ નહિ રહે તેમ કહી ઉધ્ધત વર્તન કર્યુ હતું. અમે સેજલબેનને દંડ ભરવાનું કહ્યુ હતું અને તેના બહેનપણી માથાકુટ ન કરે તે માટે સમજાવવા કહ્યું હતું. પરંતુ આમ છતાં ફીરોઝાબાનુ અને તેની દિકરીએ પણ અમારી સાથે માથાકુટ ચાલુ રાખી હતી અને જેમ ફાવે તેમ ગાળો દેવા માંડ્યા હતાં. તેમજ આ બંનેએ ટોઇંગ વાહનમાંથી એક્ટીવા નીચે ઉતારી દેવાનું કહ્યું હતું. તેમજ જો એક્ટીવા નીચે નહિ ઉતરે તો સારાવટ નહિ રહે તેવી ફરી ધમકી દીધી હતી. આ પછી મા-દિકરી બંનેએ મારા શર્ટનો કાંઠલો પકડી મને નીચે પછાડી દઇ ઢીકાપાટુ માર્યા હતાં અને ગાળો દેવાનું ચાલુ રાખ્યું હતુ.

આ મારામારીમાં મારા ડાબા હાથના અંગુઠા પાસેની આંગળીમાં મને ઇજા થઇ હતી. મારામારી વખતે પણ આ બંને મા-દિકરીએ-અમે કોણ છીએ તે તું જાણતી નથી, હવે તું નોકરી કઇ રીતે કરે છે તે જોઇ લેજે કહી ધમકી આપી હતી. ત્યારબાદ મેં પોલીસ કન્ટ્રોલ રૂમમાં જાણ કરતાં બી-ડિવીઝનની પીસીઆર ગાડી આવી હતી. અમે એક્ટીવા ચાલક સેજલબેનને ૭૦૦ રૂપિયાનો હાજર દંડ આપ્યો હતો.

આ સમગ્ર બનાવની અમારી સાથેના પ્રકાશ વાળાએ વિડીયોગ્રાફી પણ કરી હતી. ફીરોઝાબાનુ અને તેની દિકરીએ અમારી ફરજમાં રૂકાવટ કરી માર મારી ગાળો દઇ હાથની આંગળીમાં ઇજા પહોંચાડી હોઇ અમે ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં એએસઆઇ રાધીકાબેન મકવાણાએ જણાવતાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શન હેઠળ એએસઆઇ કે. સી. સોઢાએ ગુનો નોંધી મા-દિકરીની ધરપકડ કરવાની તજવીજ કરી હતી. આ બનાવે શહેરમાં ભારે ચકચાર જગાવી દીધી છે.